સુધારેલા ધોરણ પ્રમાણે બનાવેલી.

પહેલા ધોરણની નોટ.

આવૃત્તિ ૬ ઠી. પ્રત ૪૦૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર

અમીચંદ એન્ડ નાગરદાસની કંપની

લીંબડી—કાઠીયાવાડ.

કિંમત ૦-૪-૦

સુધારેલા ધોરણ પ્રમાણે

પહેલા ધોરણની સંક્ષેપ નોટ.

જેની અંદર નવી વાંચનમાળાની પહેલી ચોપડીના તથા સુંદરજીભાઈકૃત નવી પહેલી ચોપડીના પાઠના અર્થ, કવિતાની સંપુર્ણ સમજુતી, અઘરા શબ્દો, આંક, ચલણી નાણાની ધાત, સાદું મુખગણિત અને પદાર્થ પાઠો વગેરે તમામ વિષયોનો સમાવેશ કરેલો છે.

પ્રગટ કરનાર,

અમીચંદ એન્ડ નાગરદાસની કંપની.

લીંબડી—કાઠીયાવાડ.

સુધારેલી આવૃત્તિ ૬ ઠ્ઠી.

શ્રી "સત્યનારાયણ" પ્રિ. પ્રેસમાં પરેખ મોતીલાલ કાળીદાસે છાપ્યું, ઠે. સીવીલ હોસ્પીટલ સામે માના-ભાઈની વાડીમાં—અમદાવાદ.

સને ૧૯૧૮   પ્રત. ૪૦૦૦.

કિંમત રૂ. ૦-૪-૦.

પ્રસ્તાવના.

આ ધોરણ શીખનાર બાળકો છોટી વયના હોય છે. વળી હાલમાં ચાલાત સુધારેલા નવા ધોરણ પ્રમાણે પદાર્થ પાઠનો વિષય તદ્દન નવો દાખલ કરેલો હોવાથી, તે નાના બાળકોને શીખવાને જરા અઘરો પડે તેવો છે. તેથી કુમળી વયમા **વિદ્યાર્થીઓની** તર્કશક્તિની અદ્ભુત રીત ખીલવણી કરવા માટે આ ધોરણમાં આપેલા પદાર્થ પાઠોની રચના એવી તો સરળતાથી કરેલી છે, કે બાળકો હોંશે હોંશે ગમતની સાથે ઉત્તમ શિક્ષણ લઇ શકે.

વિદ્યાર્થીનું દીલ બહુજ રંજન થાય, અને તેમની કોમળ શકિત પ્રફુલિત બને તેટલા માટે **આવી ગયેલા આંકોમાંથી સુખગણિત** ઘણીજ સુગમતાથી આ બુકમાં ગોઠવેલું છે.

હાલમાં સુધારેલા ધોરણો પ્રમાણે અમારા તરફથી બહાર પડેલી **બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, અને સાતમા** ધોરણની બુકોની પેઠે આ સુધારા વધારા વાળી પોથી નાની વયના વિદ્યાર્થી મંડળમાં બહુજ ઉપયોગી થઇ પડવાથી અમારો કરેલો અથાગ પ્રયાસ સફળ થયો છે.


તા. ૧૩ જુલાઇ સને ૧૯૧૮.
જનરલ બુક ઓફીસ.

લી૦ પ્રગટ કર્તા,
અમીચંદ એન્ડ નાગરદાસ,
લીંબડી—કાઠિયાવાડ.

નવી વાચનમાળાની

પહેલી ચોપડીના પાઠના અર્થ.

પાઠ ૧ લો

નિશાળ=ભણવાનુંમકાન
રજા=છુટી
સઘળાં=બધાં
સામી=સનમુખ
વરસ=બાર મહિના
ભેગી=સાથે
લીંપેગુંપે=ગારગોરમટી કરે, સાફસુફ કરે
ખડી=એક જાતનીધોળી માટી
ચુનો=પત્થરને દેવતામાં પકવીને બનાવે છે તે
વડે=થી, વતી
ધાળે=ઊજાળે
સેવ=ઘઉંના મેંદાની વાળાના તાંતણા જેવી બનાવે છે તે
શંજોરી=ધારીપુરી
આંગણાં=બારણાં, ફળીઆ
સાથીઓ  એક જાતનો આકાર
દીવા=બતી, રોશની
સારૂં સારૂં=મીઠું મીઠું, સ્વાદિષ્ટ
રોજ=હમેશ
ઘરેણાં=સોના રૂપાના દાગીના
દારૂખાનું=ટેટા, ફુલકરણી, ફટાકડા, હવાઇ, બપોરીઆ, ભંગોડી વગેરે દારૂની બનાવટ વાળી ચીજો
ફોડે=વછોડે, છોડે
સૌ=બધા
ગીત=ગાવા લાયક કોઇ પણ કવિતા
ગાતાં=લલકારતાં
હરખ=આનંદ, હોંશ

દિવાળી=આસો વદી અમાસનો દિવસ, તે દહાડે લોકો ઘેરઘેર દીવા કરે છે, અને સારૂં સારૂં ખાવાનું કરે છે.
ફટાકડા=દારૂખાનાની એક ચીજ
ફુટે=વછુટે, અવાજ થાય
બાળક=નાના છોકરા
હરખાય=રાજી થાય

દિવાળીના દહાડામાં ઘેર ઘેર દીવા (રોશનાઇ) થાય છે, અને ફટાકડા તડોતડ ફુટવાથી (તેના અવાજથી) બાળકો બહુ રાજી થાય છે.

પાઠ ૨ જો

વિષે=બાબત
કચેરીઓ=કોર્ટો
ઓરીસો
એકસવારથીબીજીસવાર
સુધી=એક રાતદહાડો
બંધ રહે=રજા પડે
સાહેબ લોકો=અંગ્રેજ
લોકો
દેવળ=મંદિર, દહેરૂં
કેડે=પછી
જુમેરાત=ગુરૂવાર
ફરીથી=બીજીવાર

વાર=દિવસ
રવિ=સુર્ય
સોમ=ચંદ્રમા
અઠવાડીઉં=સાત દિવસ

(૧) રવિ પછી બીજો વાર **સોમ**, ત્રીજો **મંગળ**, ચોથો **બુધ**, પાંચમો **ગુરૂ**, અને છઠો **શુક્રવાર** છે.

(૨) સાતમો **શનિવાર** તે છેલ્લો વાર ગણાય છે. એ પ્રમાણે એક **અઠવાડીઉં સાત દહાડાનું** થાય છે.

પાઠ ૩ જો

ફરતી=ચારેબાજુ,ચોમેર
વાડ=થોરવાળી આડ
દરવાજા=નિશાળમાં જ
વાનું મોટું બારણું
ફૂલઝાડ=જેને ફુલ થાય
તેવા છોડ
માંહે=અંદર
મોગરો,ચંપેલી, ગુલાબ=
એ સુગંધીદાર ફુલો છે
ખીલી=ફાલી, પાંખડી
ઓ નોખી પડી
વાવટા=ધજાઓ
લેલ=ભોંયપર પથરાતો
છોડ, વેલો
પાઇ=રેડી, સીંચી
કસરત=શરીરને કસવા
ની મહેનત
જગા=ઠેકાણું, સ્થળ
રમત=ખેલ, ગમ્મત
ખુંટ=ખીલા જેવું લગા-
ડવાનું હથીઆર
મોગરી=ખુંટ લગાડવાનું
હથીઆર
બેઠક=બેસવાની જગા
નકશો=નમુના, આકાર
ચિત્રો=છબીઓ
ચોપડીઓ=પુસ્તકો
પાટી=કાંઇપણ લખવાનું
પાટીઉ જેને આ-
ધારે મુકાય છે તે
મઝાની=સારી, સુંદર,
આનંદ ઉપજે તેવી
અહીં=આ જગાએ

પાઠ ૫ મો

આંગરખી=નાનું અંગ-
રખું.
દરજી=મેરાઈ, સઈ
બજારમાં=ચૌટામાં
લેંઘી=ઘેરવાળી ચારણી
સુરવાળ=ચોરણો
કળીઆના=શેરીના
બદન=ચોળી, કાચળી,
પોલકું

પાઠ ૬ ઠ્ઠો.

ચોકખાઈ=સુઘડતા
મેલાં=ગંદાં, ધોયાવગરના
કપડાં=લુગડાં
ડીલ=શરીર
વાડો=ઘરની આગળ બાજુએ કે પાછળ રાખેલી છુટક જગા
ચોળી=મસળી, ઘસી
જરા=બીલકુલ, તદન
ચોકખા=સાફ, મેલ વિનાના, ધોયેલા
ખરે=નક્કી, ખચીત
ગંદો=ગોબરો, મેલો
લાગે=ચોંટે, વળગે
ફોલ્લાં=ગુમડાં, ફોડકા
જાતે=પંડે
ખસ=ડીલે ચળ આવી ફોડકા થાય તે
કદી=કોઇ દિવસ
ડાઘા=લપકા
ગંદવાડ=ગોબરાશગંદકી
માંદા=આજારી,બીમાર

ચોકખો=સાફ, સ્વચ્છ
ઓટલો=ચોરા
ચોક=કાંઇપણ છુટી ચોરસ જગા
મુખડું=મોઢું
દીલમાં=મનમાં
રહે=વાસ કરે
જગતના=દુનિયાના
નાથ=ધણી, પ્રભુ

(૧) મારા ઘરનો ઓટલો ને ચોક ચોકખાં છે. લુગડાં જોઇને બધા લોકો મને સુઘડ કહે છે.

(૨) મારૂં મોઢું ચોકખું છે, અને મારા હાથ ચોકખા છે. મારા જેવું ચોકખું (કપટ વગરનું) મન હશે, ત્યાં પ્રભુનો વાસ થશે. (ચોકખા દિલવાળાને પ્રભુ સહેજે આવી મળે છે.)

પાઠ ૭ મો.

વરસગાંઠ=સાલગીરી, જન્મનો દિવસ
ઝટ=જલદી, તરત
હસીપડયાં=ખુશ થયાં, મોં મલકાવ્યું
કંસાર=લાપશી
જરા=થોડા
મંડયો=ઘણો ખાધો
ભાવ્યો=મીઠો લાગ્યો, પસંદ પડયો
ભાત=રાંધેલા ચોખા
બીજા કશાને હાથ પણ અડાડયો નહિ=બીજું કાંઇપણ ખાધું નહિ
બીડાં=પાનની પટી, નાગરવેલના પાનમાં કાથો ચુનો સોપારી, એલાયચી વગેરે નાંખેલા પાન

પાઠ ૮ મો.

સગાં=એક ઉદરના કુટુંબી
કાકા=બાપના ભાઈ
કાકી=કાકાની વહુ
ભત્રીજો=ભાઇનો દીકરો
મામો=માનો ભાઇ
મામી=મામાની વહુ
લાગે=થાય
વર=ધણી, પતિ, કંથ
જમાઇ=દીકરીનો વર
વેવાઇવેવાણ=વર વહુના મા બાપ
ભાણેજ=બેનનો દીકરો

ફોઇ=બાપની બહેન
ફુઓ=ફોઇનો વર
માસી=માની બહેન
માસો=માસીનો વર
પીતરાઇ=કાકા દાદાનાં છોકરાં
મોળાઇ=મામાનાંછોકરાં
માસીઆઇ=માસીનાં છોકરાં
ફોઇઆત=ફોઇનાંછોકરાં
બનેવી=બેનનો વર
સાળો=વહુનો ભાઇ
સાવકાં કે ઓરમાઈ=બાપ એક ને મા જુદી જુદી
દૂધભાઇ=મા એક ને બાપ જુદા જુદા

પાઠ ૧૦ મો.

મોટા=વડીલ
માન=આવકાર
સલામ=હાથને કપાળ ઉપર લગાડી માન આપવું તે
અદબ=બે હાથ વાળી છાતી સાથે રાખવા તે
પાછળ=વાંસે, પછવાડે
પૂઠે=પાછળ, વાંસે, કેડે
બાવાજી=બાપ
વખાણ=તારીફ, પ્રસંશા
પ્રમાણે=રીતે.
પેઠે=રીતે, ગોઉે, માફક
સારા=આબરૂદાર

પાઠ ૧૧ મો.

ઉજાણી=મીજબાની, કેટલાક જણ ભેગા થઇ કોઇ જગાએ જમણ કરે તે, ગોઠ
કયાં=કયે ઠેકાણે
પૌઆ=ડાંગરને પલાળીને ખાંડીને બનાવે છે તે
ધાણી=જુવારને શેકીને બનાવે છે તે
મીઠાં=ગળ્યાં
ખારેકી=ખારેક જેવાં લાંબાં
રાંદેરી=રાંદેરમાં પાકતાં
દળ=ઘઉં, ચણાને મગના લોટને શેકીને તેમાં ઘી, ખાંડ નાખી બનાવેલી મીઠાઇ
દાદી મા=મોટી મા
શેતરંજી=પાથરવાનું પટાદાર અથવા બુટા વાળું કપડું
પાથરણું=પાથરવાનું
હાર=પંગત, ઓળ
પીરસ્યાં=મૂકયાં, આપ્યાં
ઠેકાણે=બદલે, સાટે
ચટણી=આદુ, મરચાં, જીરૂ, ધાણા, મીઠું, કોથમી, વગેરે છુંદીને બનાવે છે તે.
ખુબમઝા=ઘણો આનંદ

પાઠ ૧૨ મો.

હોડી=સઢવાળો મછવો
તાપ=તડકો, ગરમી
એકઠા=ભેગા
પણે=અમુક ઠેકાણે
લોક=માણસ, આદમી
તળાવ=નાનું સરોવર
પછાડી=પાછળ, વાંસે
સરત=હોડ,ઠરાવ, કરાર
નબળી=હલકી
જીત્યો=ફાવ્યો
ચાલ=રીતભાત, વર્તણુંક
થોભો=અટકો, વિસામો લ્યો, ઉભા રહો
સુંદર=શોભિતી
સહેલ=ગમત, મોજ
સઢ=હોડીને પવનની મદદ મળવાને ત્રણ ખુણાવાળા કે ચોખુણ મોટા લુગડાના કટકા લાકડા સાથે હોય છે તે

પાઠ ૧૩ મો

મોટામનવાળી=ઉદાર દીલની, હોલદોલ
ખંડ=રેશમી કે કસબી લુગડાનો ચોરસ કડકો, રેજો
ઇનામ=પાસ થાય તેને ચોપડી, કપડાં વગેરે જે કાંઇ મળે તે
કાંચળી=ચોળી, કમખો
સમજાવી=ફોસલાવી, શિખામણ દીધી.
છાંની=રોયા વગરની
રડતી=રોતી
બંધથઇ=છાની રહી
બદલામાં=સાટામાં
રડાવશો=રોવરાવશો
નજરફરી=આંખ ફેરવી
ડાહી=સમજુ
રજા=આજ્ઞા

પાઠ ૧૪ મો

ફેંકાફેંકી=ઉડાડા ઉડાડ
પાળ=કોર
ધડાધડ=તડોતડ,ફડાફડ
ખમાયા=સહેવાયા,વેઠાયા, સહન થયા
ગરીબ=અશક્ત, રાંક
ખરી=સાચી
ઇજા=દુઃખ, હરકત
માર્યા જઇએ=દુઃખી થઇએ, મરી જઇએ
બંધકરો=અટકો
સંભાળી=સાચવી
ન=નહિ

ગમત=મજા, આનંદ
નુકસાન=ગેરફાયદો
ખોટી=નઠારી, ખરાબ
ખેલતાં=રમતાં
ભારી=ઘણું મોટું
હાણ=નુકશાન, હાની

કોઇ દહાડો રમત ગમતમાં પણ કોઇને નુકશાન કરવું નહિ. ખરાબ રમત રમવાથીજ (દેડકાંની પેઠે) કોઇના જીવનું મોટું નુકશાન થાય છે.

પાઠ ૧૫ મો

દયા=કરૂણા, રહેમ, અનુકંપા
નીચે=હેઠ
છુંદાય=કચરાય, ચગદાય
બોલીઉઠું=સાદકાડીનેકહું
તળે=નીચે
ફાંફાં=વલખાં, આથડીઆં નકામી મહેનત
ઢોર=ચાર પગવાળાં જાનવર
ઇજા=હરકત, દુઃખ
કામના=ઉપયોગી
સંભાળ=ખબર,બરદાસ
વખતસર=નિયમસર
જગા=રહેઠાણ, મુકામ
સાફ=ચોકખી
નીરવા=નાંખવા
ખાજ્યા=દાઝે બળ્યા ચીડાયા, બદયા
સોળ=મારથી ચામડી ઉઠી આવે તે
યાદ=હૈયે
છેક=તદન, બીલકુલ
ભૂલી=વીસરી, ચુકી
ગજા=શક્તિ
ઉપરાંત=ઉપરવટ
કામ=મહેનત
પ્રાણી=જેને જીવ છે ને જે અહીંથી તહીં ફરી શકે છે તે

પાઠ ૧૬ મો

નવી=જુદી તરેહની

એનધેન=ડાહીનો ઘોડો
ગુલગુલ આંગળી=જુદે જુદે નામે બોલાતી એક જાતની રમત
નક્કી=ચોકસ
દાવ=વારો
જણ=માણસ
ખોળામાં=બે પગનીવચમાં
બંધકર=વીચીદે
વાસો=બરડો
વારાફરતી=એક પછી એક
તૈયાર=હાજર
સવાલ=પ્રશ્ન
દીવાધેન=આંખનુંવીંચવું
સેળભેળ=એકમેક
હોશિયાર=ચંચળ
નાસી=ભાગી
પારખી=ઓળખી, જાણી, વરતી
સંતાવા=છુપાવા, છાના રહેવા, કોઇ ન ભાળે તેમ રહેવા
છુટશે=મોકળો થશે
બચી=ઉગરી
લાંબો વખત=ઘણીવાર
ઓળખ=જાણ, પારખ
શાબાશ=વાહ, ધન

પાઠ ૧૭ મો

ગાળો=નઠારાં બોલ
જુઠું=ખોટું
હેત=પ્યાર,વ્હાલ
વખાણ્યો=પસંદ કીધો
કાપમુકયો=કાપી નાંખી
ગભરાયો=મુઝાયો, અકળાયો
સાચું=ખરૂં
ખોટું=નઠારૂં
વહાલું=પ્યારૂં

પાઠ ૧૮ મો

સીમમાં=વગડામાં
ચારતો=બકરાં ચરે ત્યાં રહેતો
અમથી=ખોટી
બુમો=રાડો, ધાંટો
વાઘ=ફાડી ખાનારૂં જનાવર
ધાજો=દોડજો
આસપાસ=આજુબાજુ અડખે પડખે
ભણી=તરફ, બાજુ
હસવા=ખુશી થવા
બાપડા=બિચારા
શરમાઇગયા=ભોંઠાપડયા, લજવાયા
ખોટું=માઠું
ખરેખરો=સાચેસાચો
માની=કબુલ કરી
બચ્યાં=ઉગર્યાં, જીવ્યાં
પોકેપોક=ધાંટોકાઢીરોવું
પોક=બુમ, રાડ, ધાંટો
બગાડ=નુકસાન
છેતર્યા=ઠગ્યા,ફોસલાવ્યા
વારેધાયા=મદદે આવ્યા
નુકશાન=બગાડ હાનિ

જન=માણસ
મશ્કરી=હાંસી, ઠેકડી, લાંડી, ચેષ્ટા
મોડાવેલો=પહેલો કેપછી
સપડાય=ઝલાય
જુઠાણું=જુઠ, ખોટું
જલદી=તરત, ઝટ
પકડાય=ઉઘાડું થાય, ખુલું થાય
આખર=છેવટ, અંતે
પસ્તાય=અફસોસ કરે

જે માણસ કોઇની મશ્કરી કરવા જાય, તે કોઈવાર વહેલો કે મોડો સપડાય. વળી જુઠ ઝટ પકડાય, તેથી જુઠા માણસને આખરે (આ છોકરાની પેઠે) અફસોસ થાય.

પાઠ ૧૯ મો.
વિચાર=મનસુબો
બચાવે=ઉગારે, જીવાડે
જુક્તિ=કળા, તદબીર
બચશો=જીવશો ઉગરશો
ખુશીથી=રાજી થઇને
આઘું=છેટે, દુર
વારાફરતી=એકપછીએક
કબુલકરી=માંની
દૂર=છેટે
પ્રમાણે=રીતે
રસ્તામાં=માર્ગમાં

પાઠ ૨૦ મો.
ભિખારી=ભિખમાગી ખાનાર, ભિક્ષુક
ભજન=પ્રભુના ગુણ-ગાન ગાવાતે, કિર્તન
પુરાં=જોઇએ તેવાં
અપંગ=શરીરના કોઇ ભાગ (હાથ, પગ, આંખ વગરનો)
ભૂખ્યો=ભાધણુવાળો ખાવાને તત્પર
સેવ=ફળી
ગરીબ=દુઃખી, કંગાળ
ભલું=સારૂં

પાઠ ૨૨ મો.
સરદાર=ફોજનો ઉપરી, સેનાપતિ
જંગલમાં=વનમાં
શિકારકરવા=ડુક્કર, દીપડા વગેરેને પકડવા
તરફ=ભણી, બાજુ
એકદમ=ઉતાવળી
છલંગ=ઠેકડો
પાડ=ઉપકાર, આભાર, ગુણ
વારેવારે=ઉપરા ઉપરી, ઘડીએ ઘડીએ
સ્વપ્નું=સોણું
ગરીબડી=કંગાળ, અશક્ત
બન્યા=થયા

પાઠ ૨૩ મો.
રૂપાળું=શોભિતું, સારૂં, સુંદર, રળિયામણું
ભંડારીઆ=ટાકા, હાટડા
બાકું=કાણું, દર
પોળી=પડવાળી રોટલી
મન=હોંશ, ઇચ્છા
મણા=ખામી, કચાશ
ઉંદરીઉં=ઉંદરને પકડવાનું પાંજરૂં
ભોગજોગે=દૈવયોગે, કદાચ
પાર=છેડો, આરો, અંત
પહેલા=અગાઉ
વલે=દશા, હાલ, સ્થિતિ

પાઠ ૨૪ મો.
પોલ=બખોલ, પોલાણુ
કાંઠા=કિનારા
દર=બાકું
ફેણ=સાપની પહોળી કરેલી ગરદન
વાસ=ગંધ, સુગ
ચટકા=ડંખ
વળગી=ચોંટી, બાઝી
પછાડા=દુઃખઅને ગભરામણથી શરીરના ભાગો પછાડે તે
અંતે=છેવટે, આખરે
જીવ=પ્રાણ, જાન
જોરાવર=બળવાન

ઝાઝા=વધારે, બહુ, ઘણા
નબળા=બળ વગરના, અશક્ત
વેર=દુશ્મનાઇ
નાગ=એરૂ, સાપ
પ્રાણ=જીવ, જાન
પેર=રીત

બળ વગરનાં ઘણાં માણસો હોય, તો પણ તેની સાથે કોઈ

દિવસ વેર કરવું નહિ, કારણ કે ઝાઝી કીડીઓ મળીને મોટા નાગને આ રીતે (સાપની પેઠે) જીવ લે છે.

પાઠ ૨૬ મો.

આમતેમ=આજુબાજુ
પહોંચે=ઠેઠસુધીજાય
ઉપાય=ઇલાજ, યુક્તિ
સુઝી=સાંભરી,યાદઆવી જડી
આખરે=છેવટે, અંતે
મટાડી=છીપાવી
છુપાઇ=સંતાઇ
નાચતોનાચતો=કુદતો કુદતો

ઉંડું=આધું
કૂંજ=ફાંજુ ને સાંકડા મોઢાવાળું પાણી ભરવાનું વાસણ
કાજ=કાજે, માટે
કંકર=કાંકરા
ધીરજ=સબુરી, ક્ષમતા
ચતુરાઇ=ચાલાકી, હોશિયારી, ચંચળાઇ
કઠણુ=અઘરૂં, મુશ્કેલ
જલદી=ઝટ, તરત
પાર=છેડો, અંત, આરો

(૧) કૂંજામાંનું પાણી ઉંડું હતું, તે (પાણી) કૂંજાના મોઢા સુધી ઉપર લાવવા માટે કાગડે કાંકરા નાંખી (આ રીતે) પાણી પીધું.

(૨) ગમે તેવું અઘરૂં કામ હોય, તે ધીરજ અને ચતુરાઇથી ભલે, બધા કરી જુઓ, તો તે ઝટ પાર પડે છે.

પાઠ ૨૭ મો.

કાપણી=વાઢ, અનાજ કાપવું તે, લણણી
થાકી=કંટાળી, કાયર થઇ
મદદ=સહાય
આથમતા=અસ્તપામતા
પહેલાં=અગાઉ, મોર
સાદ=અવાજ,નાદ,ધાંટો
મલકાવા=જરાહસીને
બચ્ચીઓ=ચુંબન
બાથમાં=બથમાંછાતીમાં
ભાથું=ખાવાનું, ભાથ
તાજા=તૃપ્ત, તૈયાર
ઉનો=ગરમ
વંતાક=રીંગણા
દહાડીઆ=મજુર
ભાણુ=સુરજ
બુડે=આથમે
પુરૂં થાય=પતી જાય
ચાસ=ઓળીઆ, ખેતરમાં પાડેલા આડા ઉભા લીંટા
કામ લાગ્યાં=ખપમાં આવ્યાં.

પાઠ ૨૮ મો.

પાથરા=ખેતરમાં કાપેલા આડા પાડેલા અનાજના છોડ
ગમત=મોજ, આનંદ

દેખાવ=ઠાઠ
ભાર=ઢગલો
ખળાં=જ્યાં આગળ અનાજ તૈયાર કરવામાં આવે છે તે જગા
ઠાલવ્યો=ઉતાર્યો, ખાલી કર્યો
હાલરા=બળદને હારબંધ જોડી અનાજના ઢગલાપર ગોળાકારમાં ફેરવે છે તે
પગર ફેરવતી=ઉંબીમાંથી ધઉંના દાણા છુટા પાડવા હાલરૂં ફેરવતી
પટલાણી=પટેલની વહુ
ઉપણવું=છોડાછુટાપાડી નાંખવા માટે કચરાએલા અનાજને ટોપલા વડે ધીમેધીમે નીચે પડવા દેવું તે
પાક=ઉપજ, નીપજ, પેદાશ
માલમ=ખબર
કુંવળ=ધઉંનું ખડ
કારભાર=કામમાં મુખ્ય ભાગ લેવો તે
માતો=સમાતો
હોંશીલી=ઉમંગી

પહેલી ચોપડી
ભાગ ૨ જો
પાઠ ૩૧ મો.

સહેલ=મોજ, ગમત
સાંજ=દીવાબતીની વેળા
મેદાન=ખુલી જગા
ફરવા=હવા ખાવા
આથમે=દેખાતો બંધ રહે
અજવાળું=પ્રકાશ,તેજ
નીચે ઉતરી ગયો=આથમવા આવ્યો
કામઠા જેવો=વાળેલી કમાન જેવો
ગગન=આકાશ, વાદળ
જેવા=બરાબર
ઉગે=ઉદય થાય
ઝાંખો=થોડા તેજવાળો
ઝગઝગે=તેજકરે,પ્રકાસે
વહેલા=ઝટ, જલદી

પાઠ ૩૨ મો અ.

ઢંકાઇ=છુપાઇ
ફોરા=મોટા છાંટા
જરૂર=કામ, ખપ
ભોંય=જમીન
ભીની=ભેજવાળી
હમણાં=તરત, હાલ
દરિયો=સાગર, સમુદ્ર
ખેંચનાર=તાણનાર

પાઠ ૩૨ મો બ.

ગામડાં=થોડી વસ્તીવાળાં ગામ
રેલા પ્રવાહી ચીજનું વહેવું
રેલમરેલા=વરસાદનું વધારે વરસવું
પછડાતા=અફળાતા
થોભ્યા=અટક્યા
ધેબરીઓ=ધીવાળો
પરસાદ=ખાવાનું
નેવલે=નેવામાં

પાઠ ૩૩ મો

પોચું=નરમ
મટોડી=માટી, ધુળ
ડહોળું=માટીવાળું ડોળાએલું
નીતર્યું=ચોકખું, મેલ વિનાનું
ઠરે=જામે
કઠણ=સખત, મજબુત
રેતી=વેળુ
ચુસી=શોષી

પાઠ ૩૪ મો

ઇંટવાડો=જ્યાં ઇંટો બનાવી પકવે છે તે

જગો
તપાસી=જોઇ
ઘાટ=આકાર, ડોળ
કણક=લોટમાં પાણી નાખી બાંધેલો પીંડો
સીંચ્યા=ગોઠવ્યા
તાપ=આગ, દેવતા

પાઠ ૩૫ મો

ધાતુઓ=સોનુ, રૂપું, તાંબું, પીતળ, લોઢું કલઇ, સીસું, જસત
ધમણ=વા ફુંકવાનો સંચો
લાલચોળ=ઘણો જ ઉનો
એરણ=જેના પર ધાતુ મુકી ટીપે છે તે
જતરડા=ધાતુનો વાળો ખેંચવાનું નાના મોટા કાણાવાળું ઓજાર
તાર=ઝીણો વાળો
કશાનો=કોઇ ચીજનો
તપાવ્યો=ઉનો કર્યો
ઓળખાવ્યો=ખબર પાડી
ઓછાવત્તા=થોડાઘણા
ભારે=વજનવાળો, તોલદાર
ટીપ્યો=ઘડ્યો

પાઠ ૩૬ મો

નાણું=ધાતુના ચલણી સિક્કા
દુકાન=હાટ
ઢબુ=બેવડીઓ પૈસો
અધેલો=અર્ધો પૈસો
બરાબર તપાસી=સચોટ ધ્યાન આપી
લગભગ=આશરે, અનુમાન, ઘણું કરીને
વટાવ્યા=પૈસા પરચુરણ લીધા
મહોર=પંદર રૂપિયાની કિમતનો સોનાનો સિક્કો, ગીની

પાઠ ૩૭ મો

કુહાડી=લાકડા ફાડવાનું હથિયાર
તકરાર=કજીઓ, ટંટો, વઢવાડ, લડાલડી
પાનુ=લોઢાના ઓજારને ધાર કાઢવા તપાવે તે
મુદર=કુહાડીનો ઉપલો ભાગ
લક્કડફોડા=લાકડા ફાડનાર
તોલે=બરાબર, સરખા મણીમાં
નાકું=ઝીણું કાણું, સાર
સખત=મજબુત
હાથો=હાથમાં ઝાલવાનું લાકડું
ફાટફાટ=તડાતડ
મોટાઇ=શેખાઇ, બડાઇ
ભલે=સારૂં, ઠીક
કોદાળી=જમીન ખોદવાનું હથિયાર
પેદા=ઉત્પન્ન

પાઠ ૩૮ મો

માળી=બાગની સંભાળ રાખનાર
કુયારા=પાણી ભરેલા નાના ખાડા
આકાર=ઘાટ
ચોરસ=જેની ચારે બાજુઓ સરખી હોય તે
રોપ્યા=વાવ્યા
ત્રિકોણ=જેની ત્રણે બાજુઓ સરખી હોય તે
ગલગોટા=ફુલની એક જાત
ફળે=ફળ આવે
વાર=મુદત, દેર
જમરૂખી=જામફળના

ઝાડ
ઉતરી=પાકી
કોસ=કુવામાંથી પાણી કાઢવાની ચામડાની કોથળી
લલકારતો=મોટાસાદથી બોલતો, બુમ પાડતો
નીક=ધોરીઓ, મોરી
જીવતાં=સજીવન, સાજાં
મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો
લીલ.છમ=ઘણા લીલા
ખુશ ખુશ=રાજી રાજી

પાઠ ૩૯ મો.

મરી=મુડદાલ થઇ, નજીવા થઇ
જીવતા=હતા તેવા, તાજા
ડુખેડી=ચૂંટી
મૂળીઉં=જેનાથી ઝાડ ટટ્ટાર રહે છે તે
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ
ડાંડીઓ=ડાંખળીઓ
ફુટેલી=નવી આવેલી
કળી=ખીલ્યાવગરનું ફુલ
ખીલશે=ઉઘડશે
વાવી=રોપી
પથરાય=ફેલાય
વેલા=જે વનસ્પતિ જમીનપર લાંબી થઇ પથરાય તે

પાઠ ૪૦ મો.

સિવાય=વગર, વિના
ટટાર=સીધા
નળાના જેવું=નળાકાર
ખરબચડી=લીસી નહિ તે, ખરસટ
સરખાં=મળતા ઘાટનાં
વખત=દેર, મુદત
જીવે=ટકે, નભે

પાઠ ૪૧ મો.

વળગી=ચોંટી, બાઝી
આરીઆ=ચીભડાં
તુરીઆં=ત્રીસોડાં
માંડવા=આડા ઉભા ચ ચાર થાંભલા મુકી બાંધવું તે
વાડો=શાક વગેરે વાવવાની જગા
છાપરા=ખોરડા
વીંટળાઇ=ગુંચળાવળી
વધે=મોટા થાય
અંતરે=છેટે

પાઠ ૪૨ મો.

આંબો=કેરીનું ઝાડ
વાસ=ગંધ, સુરભ, ફોર
મોર=કોર
બાઝી=ચોંટી, વળગી
ભાર=વજન, બોજો
ચામડી=છાલ
ગર=ગરભ
જતન=રક્ષણ, સાચવણ, સંભાળ
પોચો=નરમ
ઘોળ=દાબ, હચમચાવ
ઢીલો=નરમ
રસ=સત્વ
ડીટું=બીટકું
મીઠો=ગળ્યો, સ્વાદિષ્ટ

પાઠ ૪૩ મો.

ધીમે ધીમે=હળવે હળવે
સામીથાય=મારવા આવે
ચરે=ખાય
આમતેમ=આજુબાજુ
જડબાં=ડાચાં
અમળાઇ=ખેંચાઇ, વંળખાઇ
કોળીઆ=ડુચા
વાગોળે=ખાધેલોખોરાક પાછો લાવી પાછો ઉતારે તે
નિરાંત=જંપીને, નચિંત
ફાટ=ચીરો
ઉતરી=ગરી, પેશી
વગડાઉ=રાની, જંગલી વગડામાં રહેનારી.
જબરી=કદાવર, જોરાવર

પુરીપડે=પોચીશકે, થક
ી નાખે, હઠાવી દે.

પાઠ ૪૪ મો.

છુટા=એકલા, જુદા
લાગ=દાવ, તક, વખત
ટોળાં=ઘણાં બકરાંનો
જથ્થો
છટકી=ભાગી, નાશી
ખાતું=ચરતુ
ચારો=ખાવાનુંલીલુંઘાસ
કઠણ=અઘરૂં, આકરૂં
ઠરતા=રહેતા, થોભતા
ગબડયું=પડયું, લથડયું
ચતુંપાટ=સવળું,સીધું
કુદકા=ફાળ, છલંગ
ભરવાડ=ઘેટાં,બકરાં, ઢો-
રાં વગેરે ચારનાર
ગોવાળ
શોધવા=ખોળવા,ગોતવા
ઉંચકી=ઉપાડી
ચાક=મહેનત
ભૂલ=ચૂક, કસૂર
સોબત=સંગત, દોસ્તી
યાદ=હૈયે
ફેર=તફાવત, ફરક
આછા=છુટાછુટા
મમેતેમ=મરજી પ્રમાણે
ભાર=બોજો
ઊન=પેટાના વાળ

પાઠ ૪૫ મો.

જાડું=ઘટ
મીઠું=સ્વાદિષ્ટ
ગુણ=ફાયદો
ઠંડુ=ટાઢું
ઉનું=ગરમ
બગડી=ખરાબ થઇ
મેલું=ગોબરૂં, ગંદુ
મેલ=કચરો
બરાબરવખતે=નિયમ
સર, ઠરાવેલી વેળાએ
ઓછો=થોડો
જણસો=ચીજો, વસ્તુ,
વાનાં
તાવી=ઉનું કરી
શીખંડ=દહીને છણીને
તેમાં ખાંડ, જાયફળ,એ
લચી વગેરે નાંખી લ
ચકાજેવું બનાવે છે તે
લોચા=લચકા, લોંદા
તર=સત્વ, મલાઈ

પાઠ ૪૬ મો.

ભેગા=એકઠા
પસંદ કરવા=પરખવા
ડાઘીઓ=મોટા કુતરો
ચાલાક=ચંચળ
ખોરાક=ખાવાનુ
સભા=મંડળી, ટોળી
ઉપરી=મુખ્ય

ચુપચુપ=છાનામાનાં
અંતે=છેવટે, આખરે
ગંધ=વાસ, સૂગ
તૈયાર=હાજર
રીઝે=ખુશી થાય
બીએ-ડરે
ગમે=સારૂં લાગે
અણીવાળા=ધારવાળા
તીણા=ઝીણા
ગળી=આખા ઉતારી
ઝોકા=ડોલાં
ખોરાક=ખાવાનું, ભક્ષ
કરકરા=બરછટ
પરસેવો=બફારો, ઘામ
ફુટતો=નીકળતો
ધણી=માલિક
જે=જય
એકાદ=એક

પાઠ ૪૭ મો.

પંખી=બે પાંખવાળા
જનાવર
ખોરાક=ખાવાનું
ઠેકાણે=બદલે
ટાઢ=ઠંડી
ઉડે=હવામાં તરે
જોડાએલાં=સંધાએલાં
માળા=પક્ષીને રહેવાની
જગા

પાઠ ૪૮ મો.

ભૂખલાગી=ખાવાનું મન થયું
માંસ=મટન, ગોસ
લુચ્ચા=ઠગ, લાઠ
ખરેખરો=સાચેસાચો
કોહેલું=ગંધાયેલું, સડેલું

પાઠ ૪૯ મો.

જુદાજુદા=નોખાનોખા
લોટા=કળસ્યા
શીખવ્યું=બતાવ્યું
હલાવ્યું=ભેગું કર્યું
સુંદર=શોભિતો, સારો
વાદળી=ગળીએર, આકાશના રંગ જેવો
મેળવી=ભેગા કરી

પાઠ ૫૦ મો

પાંગરા=ઝોળી ભેરવવાની લાકડાની લાકડી
ભમરી=ઘોડીઆ કે પારણા ઉપર જે ગોળ ફરતું રમકડું રાખવામાં આવે છે તે
ઝોળીમાં=ખોયામાં
માનતો=ગણકારતો
રડાવ=રોવરાવ
પાસું=પડખું
ફાવે=ગમ, માફકઆવે
દોયણું=દોરીઓ છુટી રહે અને ઝોળી પણ પહોળી રહે તેને માટે દોરી પરોવવાના કાણાં વાળા આડા લાકડાના કકડા
ઝાપટી=ખંખેરી
મોભ=ઘોડીઆનીવચમાં આડી રાખેલી ડાંડી
પરોવ=વીંધ
ભેરવ=નાંખ, ભરાવ
પાથરી=બીછાવી
માંડયું=શરૂ કર્યું
ઝુલાવવા=હીંચોળવા



કવિતાના અર્થ.

(પાઠ ૪ થા) નિશાળીઆને શિખામણ.

પરોઢીએ=સવારમાં વહાણાંમાં, મળસકે	માન=આવકાર	તજવું=છોડવું, મુકવું
નિત=હમેશાં, રોજ	સમા=બરાબર, સરખા	આળસ=સુસ્તાઇ, એદીપણું
પાઠ=લેસન	જ્ઞાન=સમજણ	અંગ=શરીર
તમામ=બધા	જુઠું=ખોટું	હળીમળી=સંપસંપી
મોટાં=વડીલ	કદિ=કોઈ દિવસ	સંગ=સોબત
	ન=નહિ	

(૧) સવારમાં રોજ વહેલા ઉઠીને પ્રભુનું નામ લેવું. પછી દાતણ કરી નાહીને આપેલા બધા પાઠ તૈયાર કરવા.

(૨) માબાપનું કહ્યું કરો, અને પોતાનાથી મોટાને માન આપો. જો ગુરૂને બાપની બરાબર ગણો, તો સારી સમજણ મળશે.

(૩) કોઇ દિવસ જુઠું બોલવું નહિ, અને શરીરમાં આળસ રાખવું નહિ. સારી સોબતમાં રહી, બધા સાથે સંપસંપીને ચાલવું.

નિત્ય=રોજ, હમેશાં	ગુરૂ=મહેતાજી	રીત=આચરણ,રીતભાત
[illegible] ડી	શિક્ષા=શિખામણ	નીસરી=નીકળી
ચિત=[illegible]ન	રૂડી=સારી પેર=રીત	પાંસરૂં=પાધરૂં

(૧) હમેશાં નિશાળે જવું, અને મન લગાડીને ભણવું. મહેતાજીની શિખામણ માનવી, ને સારાં આચરણ રાખવાં.

(૨) રમતમાં મન રાખવું નહિ, એ તમે સારી રીત જાણો. નિશાળમાંથી રજા મળ્યા પછી પાધરા (કોઇ ઠેકાણે ન રોકાતાં) ઘેર જવું.

(પાઠ ૯ મો) મા વિષે.

દેખી=જોઇ, ભાળી
બહુ=ઘણો
હરખાઉં=રાજીથાઉં
દોડીદોડી=ઉતાવળો ઉતાવળો, દોટ કાઢી
ચાંપે=વહાલથી દાબે
ભીડેબાથ=બાથમાં લે
બોકી=બચ્ચી, ચુંબન
ધવરાવે=પોતાનુંદુધપાય
પંપાળી=શરીરપર હાથ ફેરવી
મુખ=મોઢું

હરખાય=રાજી થાય
દુખડાં=દુખ, પીડા
સર્વે=બધા
ભુલી=વિસરી, ચુકી
મીઠા=મધુરા, આનંદ ઉપજે તેવા
બોલ=વચન
કલોલ=આનંદ
સંભાળે=ખબરલે,સાચવે
જાત=શરીર, પંડ
રડતો=રોતો
લગાર=જરા

ગભરાતી=અકળાતી મુંઝાતી,બેબાકળીથએલી
વાર=વેળા
હાલો=હાલરડાં, ગીત
માંદો=આજારી, બિમાર
ઓસડ=દવા
પેટભરી=ધરવાધરવ
હેત=વહાલ, પ્રેમ
અપાર=ઘણું જ, જેનો પાર ન પમાય તેવું
આભાર=ગુણ, ઉપકાર

(૧) માને જોઇને ઘણોજ હરખાઉં, અને દોટ કાઢીને તેની સામે જાઉં. પોતાની છાતી સાથે લઇને પ્રેમથી દાબે, અને ચુંબન કરી બાથમાં લે.

(૨) પોતાના ખોળામાં લઇ મને ધવરાવે, અને પંપાળીને રાજી થાય. મારૂં મોઢું જોઇને હરખાય, અને બધા દુઃખો ભૂલી જાય.

(૩) જાણે પક્ષીઓ કલોલ કરતાં હોય, તેવા મારા બોલ મધુરા લાગે. સારૂં ખાવાનું મા આપે, અને મારા શરીરની બહુજ સંભાળ રાખે.

(૪) મને લગાર રોતો જુએ, કે તે વેળા ગભરાઇને દોડી આવે. જો હું હસું રમું તો બહુ ખુશ થાય, અને મને ઉંઘાડવાને હાલરડાં ગાય.

(૫) (હું) માંદો પડું ત્યારે ઓસડ પાય, અને તે વેળા હે માડી ! ! તું પેટ ભરીને ખાય પણ નહિ. બધા કરતાં તારૂં હેત ઘણુંજ છે, તેથી હું તારો બહુજ ઉપકાર માનું છું.

(પાઠ ૨૧ મો.) ઈશ્વરનું ભજન.

વીસરૂં=ભૂલું, ચુકું	કામ=કાજે, માટે	સરજાવી=બનાવી, પેદાકરી
અગણિત=ઘણાં, ગણાય નહિ તેટલાં	ઉપયોગી=કામની, જરૂરની, ખપની	સૌ=બધા
તારા=ચાંદરણાં	દામ=પૈસા, કિમત	ઠામ=ઠેકાણે [રહેમ
કર્યા=બનાવ્યા	પાળે=જીવાડે, પોષણકરે	દયા=કરૂણા, અનુકંપા
ઉજાસ=પ્રકાશ	તમામ=બધા	સેવક=દાસ, ચાકર
		હામ=હિમત

હે પ્રભુ ! તારૂં નામ હું કોઇ દિવસ ભૂલું નહિ.

(૧) હે પ્રભુ ! તેં ચંદ્ર સુરજ, અને ચાંદરણાં પ્રકાશ આપવાને માટે બનાવ્યા. હે પ્રભુ !

(૨) તેં બહુજ ઉપયોગી હવા આપી, જેની કાંઇ પણ કિમત બેસતી નથી. હે પ્રભુ !

(૩) વરસાદથી અનાજ થાય છે, અને તેનાથી બધા જીવોનું પોષણ થાય છે. હે પ્રભુ !

(૪) દૂધ દહીં મળવાને માટે ગાય ભેંસને (તેં) બધે ઠેકાણે બનાવી. હે પ્રભુ !

(૫) તેં ઝાડ, પાન, ફળ, ફુલ, આંબો, ગુલાબ, અને બદામ વગેરે બનાવ્યાં. હે પ્રભુ !

(૬) સેવક ઊપર દયા કરીને ઘણી વિદ્યા, સુખ અને હિંમત આપો. હે પ્રભુ !

(પાઠ ૨૫ મો.) માબાપની સેવા વિષે.

ઘરડાં=વૃદ્ધ, બુઢાં
લુલાં=પાંગળાં, લંગડાં
આંધળાં=દેખી ન શકે તેવાં
ગરીબ=નિર્ધન, કંગાલ
સેવા=ચાકરી, બરદાસ
અમાપ=જેનું માપ ન થાય તેવી. ઘણી
વાત=હકીકત, વિચાર
ધન=પૈસા,નાણું,દોલત
તીરથ=જાત્રા
પરખી=મનથી જાણી, વરતી, ઓળખી
કાવડ=લાંબી મજબુત ખપાટને બે છેડે બેસવાના આકારનું બનાવી ખભે ઉચકે છે તે
મનસુબો=વિચાર
તૈયાર કરી=બનાવી
પાસે=પડખે, બાજુ
ખાંધે=ખભે
અચરજ=નવાઇ તાજુબી, અચંબો
ધનધન=વખાણવાલાયક
સંતાપ=દુઃખ
સઘળાં=બધાં
આશિષ=સારી દુઆ
અપાર=ઘણી
ફરજ=કામ ધર્મ
બજાવી=અદા કરી
મેર=કૃપા દયા
લીલાલેર=આનંદ મંગળ, ઘણું સુખ

(૧) માધવના માબાપ ઘરડાં, લુલાં, આંધળાં, અને ગરીબ હોવાથી માધવ તેમની ઘણીજ સેવા કરતો.

(૨) માધવને તેના માબાપ કહે, કે અમારા મનની વાત સાંભળ. જો ધન હોત, ને આંખે ભાળી શકતા હોત, તો તીરથ કરવાને માટે જાત.

(૩) માધવે માબાપનું તીરથ કરવાનું મન જાણીને તેમને સુખ આપવા માટે મનમાં વિચાર કર્યો, કે જો કાવડ કરીને ફેરવું, તો તેમનું આ દુઃખ જાય.

(૪) એવો વિચાર કરી કાવડ તૈયાર કરાવી, અને કાવડની બંને બાજુ માબાપને તે વેળા બેસાડયાં.

(૫) પોતાને ખાંધે કાવડ ભરાવીને માબાપને તીરથ કરાવવા ચાલ્યો. માધવના આવા પ્રેમથી બધાને અચંબો થયો.

(૬) આવા દીકરાને ધન ધન છે, અને તેના માબાપને પણ ધન ધન છે. જો દીકરા સારા હોય, તો જરા પણ દુઃખ રહે નહિ.

(૭) બધાં તીરથ કરાવીને જે વેળા તે ઘેર ગયો, ત્યારે મા બાપે રાજી થઇ ઘણીજ આશિષ આપી.

(૮) પ્રભુની કૃપાથી માધવે પોતાની ફરજ બજાવી. જો, (માધવની પેઠે) દીકરાઓ માબાપને સુખ આપે, તો લીલાલેર થાય.

(પાઠ ૨૯ મો.) કાપણી વિષે.

આમ=આંહી	કાપણી=વાઢણી, લણી	હૈયે=મનમાં
બાળકો=નાનાછોકરાઓ	પીરસી=દઇ, આપી	હામ=હિમત
ઉમંગે=હોંશે	સુંદર=સારો	લણીએ=ઉપરથી કણુસલાં કાપી લઇએ
તમામ=બધા	ફાલ=પાક	
સંપે=હળીમળી	ખંત=હોંશ, ચીવટ	ચાર=ચારો, ખોરાક
સદાય=હમેશાં	લણીએ=વાઢીએ	ઘાસ=ખડ
ઉભરાયો=ઉથલી પડયો	આમ=આ રીતે	ઢોળી=નાનીપુળીઓ

ટેક—હે બાળકો! તમે બધા આમ આવો, તો આપણે ઉમંગથી વાઢણીનું કામ કરીએ.

(૧) જુઓ જુઓ ! પેલી વાદળીઓ વરસીને ચાલી જાય છે. અને બાર માસનું અનાજ આપતી જાય છે. (વરસાદ આવવાથી અનાજ થાય છે) વળી સદાય સંપીને રહે છે.

(૨) ખેતરમાં તો જુઓ ? કેવો સુંદર ફાલ ઉથલી પડ્યો છે ! ! ચાલો, આજ કે કાલ હોંસ લાવીને બધા લણી લઇએ. હે બાળકો !

(૩) આ રીતે વાંકું દાતરડું હાથમાં લઇને ડુંડાં કાપો, અને મનમાં હિમત રાખીને ખળામાં લઇ ઢગલો કરો. હે બાળકો !

(૪) અનાજ લણવાનું (કામ) પુરૂં થયું. હવે બધા ઘાસ કાપો. ઢોરાંની ચાર માટે ઘાસની કોળી લઇને આ ઠેકાણે બધા મુકો. હે બાળકો.

(૫) તેના (કોળીના) પુળા કરી ગાડામાં નાંખો કામ પુરૂં કરો પછી બધા ઘેર જઇ વાળુ કરી પ્રભુનું નામ લ્યો. હે બાળકો.

(પાઠ ૩૦ મો.) ખળાં વિષે.

આવાર=આ વખત	પિલાય=કચરાય	નીચે=ભોંયપર
દીસે=દેખાય, જણાય	છુટા=જુદા, નોખા	સાથ=સાથે, ભેગા
કુંડાં=કણુસલાં	કણુ=અનાજના દાણા	હાથોહાથ=એક બીજા
છુટું=જુદું, નોખું	તરત=ઝટ	કાજ=કામ [મળીને
તેમ=તેવી રીતે	ટોપલા=સુંડલા	મહેનત=કામ
સરસ=સારી રીતે	ફુંસાં=છોડાં, ફોતરાં	ફળ=ફાયદો, લાભ

(૧) હે બાળકો ! આ વેળા આવો. જુઓ, ખળાં તૈયાર જણાય છે. ચાલો, કુંડામાં રહેલું અનાજ આજે છુટું પાડીએ.

(૨) જેમ ગોળાકારમાં બળદો ફરે છે, તેમ આપણે બધા ગોળ ફરીએ. આમ ફરવાથી જો કુંડા સારી રીતે કચરાય, તો દાણા ઝટ નોખા પડે.

(૩) આ પ્રમાણે ટોપલામાં ભરીને તે બધું અનાજ ઉપણીએ. જુઓ જુઓ ! ! ઉપણવાથી ફોતરાં (વાને લીધે) ઉડી જઇ બધા દાણા ભોંયે વેરાયા.

(૪) આપણે બધા ભેગા મળીને કોથળાઓ લઇ આ રીતે હાથો હાથ ભરી ખેડુતો જેવું કામ કરીએ, તો આજે મહેનતનો ફાયદો મળે.

(પાઠ ૫૦ મો) પારણા વિષે.

હાલરડું=બાળકને ઉંઘાડવા માટે બૈરાંઓ સુંદર ગીત ગાય છે તે ગીતે
ધુમણધાલું=હાલરડાં ગાઇ ઉંઘાડું
પારણું=લાકડાનું ચોકઠાવાળું ઘોડીયું
પોઢો=સુવો
રસીલા=હોંસીલા, રઢીઆળા
ઝુરાવું=હીંચોળું, ઝોકાવું
પધરાવું=મુકાવું
પઢાવું=ભણાવું
ચીતરેલ=આળેખેલ
મઢાવું=ચોડાવું
તાજી=નવી
તળાઇઓ=ગાદી
ચાદર=ઓછાડ
સેજ=પથારી
બિછાવું=પાથરૂં
હીર=રેશમ
ધેરાં ધેરાં=ધીમાં, મધુરાં, આનંદ ઉપજે તેવાં
ગીત=હાલરડાં
લાડકડા=મોંઘા, કોડીલા
ગજવે=ગુંજામાં
ખાવું=ખાવાનું

(૧) ભાઇને હાલરડું વહાલું લાગે છે. જો, ઉંઘાડવાને માટે ગીત ગાઉં, તો ભાઇને હાલરડું વહાલું લાગે છે. હે રઢીયાળા ! રંગીત પારણે સુવો, તો ઘણા હેતથી ઝુલાવું. ભાઇના પારણીએ ભમરીના ઘાટનાં રમકડાં જડાવી પુતળીઓ મુકાવું. ભાઇને હાલરડું વહાલું લાગે છે.

(૨) ચીતરેલી ચાંચની ચકલી ચોડાવી, પારણા ઉપર પોપટ મુકાવું; અને ભાઇને સારી રીતે રમવા માટે મોરલાને સોનાથી મઢાવું. ભાઇને !

(૩) પારણામાં મખમલ્લ અને મશરૂની નવી તળાઇઓ પથરાવું. અને ચંપાના ફુલ્લડાં જેવી રેશમી ચાદર સુવાની સેજમાં બિછાવું. ભાઇને !

(૪) વહાલાને હીરની દોરીથી હિંચોળી મધુરાં મધુરાં ગીત ગાઉં. હે લાડકડા ભાઇ ! ઉંઘીને ઉઠશો, ત્યારે ગુંજામાં ખાવાનું નાંખીશ. ભાઇને !

અઘરા શબ્દો.

દિવાળી	ભાગ્યો	પ્રાણીઓ	સ્વપ્નું	ટીપ્યો
નિશાળ	કર્યો	દુઃખ	શિકાર	ટીપાયો
ઉઠયા	અડાડયો	ખીજ્યા	પરમેશ્વર	વત્તા
લીંપેગુંપે	ઉડી	છૂંદે	પુરૂષ	રૂપીઆ
પૂરે, મૂકે	કહ્યું	ભૂલી	બિલાડી	લક્કડફોકા
શુક્રવાર	પૂછયું	નક્કી	ઉંદરીઉં	ત્રિકોણુ
છેલ્લો	બોલાવ્યો	હોંશિઆર	સૂઝી	વચ્ચે
વિષે	ભત્રીજો	છુટો	ચતુરાઇ	મુળીઉ
રવિવાર	પીતરાઈ	ચપ્પુ	બચ્ચીઓ	સિવાય
શનિવાર	મસિઆઈ	લલ્લુ	બૂડે	મુળ
અઠવાડીઉં	દુધભાઇ	બૂમો	ચચ્ચાર	ચૂસી
રણો	પ્રમાણે	મશ્કરી	ખૂશ	તુટી
ફુલ	પુઠે, કયાં	પસ્તાય	ચંદ્રમા	નિરાંતે
ચિત્રો	બબ્બે	બચ્ચા	ત્યાંસુધી	કૂદકો
કુતરો	પીરસ્યાં	છેતર્યો	સુરજ	ભૂલ
લાગ્યો	વિના	શિઆળ	ઉગે	મજબુત
ત્યારે	પૈઆ	જુક્તિ	શોભ્યા	દુધપાક
લેંઘી	કુલડીઓ	અલ્યા	બિચારા	કુટતો
નહિ	ખુબ	વિચાર	પ્યાલુ	ચશ્મા
સુરવાળ	શેતરંજીઓ	રસ્તામાં	નિતર્યું	પ્યાલાં
ચોકખાઈ	જીત્યો	અન્ન	પત્થર	બાંધ્યું
ધુળ	પૂછીશ	ભૂખ્યો	ચત્તુંપાટ	સૂતાં
ડીલ	રડયા	ભિખારી	ભઠ્ઠી	
કવિતા	પરીક્ષા	લુગડાં	પિત્તળ	

સુંદરજીભાઈ કૃત નવી પહેલી ચોપડીના

પાઠના અર્થ.

પાઠ ૨ જો
ભા=બાપનોબાપ, માનો બાપ
પાઠ ૩ જો
તાતા=રોટલા
ભાત=રાંધેલા ચોખા
પાઠ ૭ મો
જીજી=મોટી મા.
પાઠ ૮ મો
ગીત=ગાયન
જી=મા
પાઠ ૧૧ મો
ઘુમ=રાડ
પાઠ ૧૨ મો
માળી=બાગની સંભાળ રાખનાર
પાઠ ૧૩ મો
ભૂ=પાણી
પાઠ ૧૫ મો
પાકી=રસ કઢાય તેવી
પાઠ ૧૬ મો
ચરે=ખાય
પાઠ ૨૪ મો
રોજ=હમેશાં
સારૂં=સુંદર, રૂપાળું
પાઠ ૨૬ મો
નિશાળ=ભણવાનુમકાન
પાઠ ૨૮ મો
પંખી=બે પાંખવાળાં જનાવર
પાઠ ૩૦ મો
સંતાઇ=છુપાઇ
તાકી=ટાંપી, જોઇ
પટા=લીસોટા
તીણા=ઝીણા
પકડશે=ઝાલશે
પાઠ ૩૧ મો
ઘાસ=ખંડ
મીઠું=સ્વાદીષ્ટ
ફાટ=ચીરો
ઉતરી=પેસી, ગરી
પાઠ ૩૨ મો
હેત=પ્રેમ, વહાલ
ઉતાવળી=અધીરી
ગમે=સારૂં લાગે
પાઠ ૩૩ મો
ડાહી=સમજુ
પાઠ ૩૪ મો
ખુલ્લી=ચોકખી
ટેવ=હેવા, મહાવરો
કસરત=શરીરને કસવું તે
કૌવત=બળ
આળસ=સુસ્તાઇ, એદી પણું
અંગ=શરીર
રોગ=દરદ
કદી=કોઇ દિવસ
તાજાં=હતાં તેવાં
તન=શરીર

કસરત કરવાથી બળ વધે છે, અને શરીરમાં આળસ રહેતું નથી, કોઈ દિવસ રોગ થતો નથી. અને શરીર તથા મન તાજાં રહે છે.

ઢોઠ=અભણ
ભણવું=અભ્યાસ કરવો
ભૂલશો=ચૂકશો

પાઠ ૩૫ મો.

તરત=ઝટ
બીએ=ડરે

પાઠ ૩૬ મો.

પાછળ=વાસે, પછવાડે
ગરીબ=અશક્ત
ભાર=બોજો, જથ્થો

પાઠ ૩૭ મો.

પારકા=પરાયા, બીજાના
ઘેલો=મૂરખ
તરફ=બાજુ
તુરીયાં=જીસોડાં

પાઠ ૩૮ મો.

કલગી=છોગું
ધીમી=હળવી, ધીરી
શોધે=ગોતે

અવાજ=સાદ, નાદ
મજા=ગમત, આનંદ

પાઠ ૩૯ મો.

લગામ=ચોકડું
ફલંગે=ફાળ
ગરદન=ડોક
કેશવાળી=ગરદનપરના વાળ
લબડે=લટકે
બદલે=સાટે
નક્કર=કઠણ
ઝપાટાબંધ=એકદમ
પ્રીતિ=પ્રેમ, પ્યાર, હેત, વહાલ
પલાણ=કાઠો
ચાહે=ઇચ્છે

પાઠ ૪૦ મો.

પીલાં=બચ્ચાં
ચણવા=ખાવા

માળો=પક્ષીઓને રહેવાનું સ્થળ

પાઠ ૪૧ મો.

કામે=ધંધે, મહેનતે
કામનું=ખપનું

પાઠ ૪૨ મો.

ફેર=ફરક, તફાવત
ગુણ=ફાયદા
જુદા=નોખા

પાઠ ૪૩ મો.

તાવે=ઉનું કરે
તાજું=તરતનું
રવાઇ=વલોણું
પાસ=આગળ
રઢ=આગ્રહ, જીકર
મલકતી=હસતી
ઉપકાર=ગુણ
પાર=આરો, છેડો

(૧) મા મા બોલતો કાનજી માની આગળ આવ્યો. હે મા જો મને માખણ આપો, તો હું છાશ કરવા દઉં.

(૨) માની પાસે જઇને ગોળી, વાંસ કે હાથને પકડતો. આવી રઢ જાણીને મા તેને હાથમાં માખણ લઇ આપતી.

પાઠ ૪૫ મો.

વર્ગ=કલાસ
જવાબ=ઉત્તર
ચપળ=ચંચળ, ચાલાક
ખરું=સાચું

ઓળખો=જાણો

પાઠ ૪૬ મો.

મિશ્ર=ભેળવણીથી બનાવેલા
યાદ=હૈયે

તરેહતરેહના=જુદી જુદી જાતના
મેળવણી=ભેગ
આરપાર=સોંસરમોંસર
અંદર=માંહે
માપ=ભરત

ખાત્રી=ચોક્સાઇ

પાઠ ૪૭ મો.

શિખામણ=બોધ
ગંધાય=ખરાબવાસમારે
સડી=કોહી
સાફ=ચોકખા
રજા=છુટી
તૈયાર=હાજર
કામે=ધંધે
પાંસરાં=સીધા

પાઠ ૪૯ મો.

પીડ=બરડો
ભડકે=ડરે, બીએ

પાઠ ૫૦ મો.

ભલો=સારો
સુરવાળ=ચોરણો
હાથમાં લઇશ=શીવવા માંડીશ

પાઠ ૫૧ મો.

ગોચી=ખોશી
ગંદુ=ગોબરૂં
મશ્કરી=ઠેકડી, લાંડી
માઠું=ખોટું
પસ્તાય=અફસોસ કરે
અણધાર્યું=ઓચિંતુ
માફક=પેઠે
મુંઝાય=અકળાય
ફળ=આ ઠેકાણે નુકસાન

કોઇની મશ્કરી કરવાથી બુરૂં થાય, તો મશ્કરી કરનાર પાછળથી પસ્તાય, વળી ઓચિંતું નુકશાન આવી જવાથી દરજીની પેઠે મુંઝાય.

પાઠ ૫૨ મો.

ધાતુ=સોનું, રૂપું, લોઢું, તાંબુ, કલાઇ, સીસું વગેરે

પાઠ ૫૩ મો.

બજાર=ચૌટું
ધારીધારી=તપાસી
દૂર=છેટે
મુસાફરી=દેશાટણ
જરૂર=ખપ
મહોરૂં=છાપ

પાઠ ૫૫ મો.

કાચું=પકવ્યા વગરનું
અસલના=અગાઉના
વારામાં=વખતમાં
તપ=દેહદમન
ગુજરાન=ભરણ પોષણ

પાઠ ૫૬ મો.

ટોપલી=સુંડલી
પડખે=બાજુમાં
ઓરતી=નાંખતી
બદલે=ફેરવે
થાક=મહેનત

પાઠ ૫૭ મો.

ઓટલા=ચોરા
દેખાવ=બનાવ
વગરવિચારે=[વિના સમજ્યા
પસ્તાય=અફશોસ કરે
આપનું=પોતાનું
જગમાં=દુનિયામાં
હાંસી=મશ્કરી

જે માણસ વિચાર વગરનું કામ કરે છે, તેને પાછળથી પસ્તાવો થાય છે. તે પોતાનું કામ બગાડે છે, અને જગતમાં હાંસી થાય છે.

પાઠ ૫૮ મો.

નરસું=ખરાબ
સમજ=ખબર
વેંગણ=રીંગણાં
ભાજી=તાંજળાજો, મેથી વગેરે

પાઠ ૫૯ મો.

આકાર=ઘાટ, ડોળ
ચીતરી=આળેખી
ઠીક=સારૂં

પાઠ ૬૦ મો.

હળીમળી=સંપસંપી

ચીસો=રાડો
તરફડીયાં=વલખાં

પાઠ ૬૧ મો.

મીઠાઇ=લાડવા, બરફી સુત્રફેણી, મેસુબ, મગસ વગેરે પકવાન
ગરાગ=માલ લેનાર
ટોપલા=સુંડલા

પાઠ ૬૨ મો.

ચાલ=રીવાજ
વેળા=વખત
વાટ=રાહ

પાઠ ૬૩ મો.

તારા=ચાંદરણાં
ભાઇબંધ=ગોઠીઆ

કવિતાના અર્થ.

(પાઠ ૩૨ મો.) ગાય વિષે.

ભલી=સારી
ભાળો=જુઓ
રૂપાળી=સુંદર
દયાળી=ગરીબડી
દીસે=દેખાય
ધેનુ=ગાય
ખરે=નક્કી
વાલ=પ્રેમ
નિહાળી=જોઇ

(૧) આ સારી ગાય જુઓ, તેનું દુધ સારૂં છે. વળી તે ગાય રૂપાળી ને ગરીબડી દેખાય છે.

(૨) ખરેખર! ગાય તું ઘણા ફાયદાવાળી છે. તેને (ગાયને) રોજ જોવાથી ઘણો પ્રેમ આવે છે.

(પાઠ ૩૭ મો.) મોર વિષે.

મગન=ખુશી
કળાકરે=પોતાનાં પીંછાં ઉભાં કરે
વાર=વેળા, વખત
અપરંપાર=ઘણો
શોભતો=દીપતો
રૂડો=સારો, મીઠો, મધુરો
સુણતાં=સાંભળતાં
હરખે=ખુશી થાય
કંપે=ધ્રુજે, થરથરે
સઘળા=બધા
નાગ=સાપ, એરૂ

(૧) મોરલો ખુશ થઇને જે વેળા કળા કરે છે, અને પ્રેમથી પાંખો હલાવે છે, ત્યારે ઘણોજ દીપે છે.

(૨) તેના (મોરલાના) ઉપરના સુંદર રંગોથી શોભે છે, અને મધુરો રાગ કાઢે છે. તે (રાગ) સાંભળીને બાળકો હરખાય છે, અને તેનાથી (મોરથી) બધા નાગ કંપે છે.

(પાઠ ૪૧ મો.) કૂકડા વિષે.

સદા=રોજ	પુકારી=કૂકડુકૂક બોલી	વદી=બોલી
સર્વપેલા=બધાનીમોર	કામેલાગો=ધંધે વળગો	વખ્ત=તક, સમય
જગાડે=ઉઠાડે	નમી=વંદન કરી	ફરીથી=બીજીવાર
જનો=માણસો	સાય=મદદ	રૂડાં=સારાં

(૧) કૂકડા હમેશાં બધાનાં પહેલાં ઉઠીને સુતેલા માણસોને બોલીને જગાડે છે, અને કહે છે, કે બધા ઉઠો, અને કામે લાગો. પ્રથમ પ્રભુને નમન કરીને મદદ માગો.

(૨) કૂકડુકૂક બોલીને એવું જણાવે છે, કે ગએલો વખત ફરીને પાછો આવશે નહિ. કૂકડા હમેશાં એજ માટે પુકારે છે, કે સુખો વધારવા માટે સારાં કામો કરો.

(પાઠ ૪૨ મો.) ભેંશ વિષે.

ભલી=સારી	ગમાર=મુરખ	ભાન=ખબર
મારગે=રસ્તામાં	સરખી=જેવી	ડોબું=ભેંસ
ભડકી=ડરી, બીની	ગાંગરે=બરાડે	મુરખ=અણસમજુ
ભાગી=નાસી	સાન=સમજણ	હેવાન=અક્કલ વગરનો

(૧) ભેંસ દુધમાં સારી છે, પણ ગાંડી કહેવાય છે. જો તેને (ભેંસને) રસ્તામાં ઊંટ મળે, તો ભડકીને ભાગી જાય છે.

(૨) મૂરખની પેઠે ગાંગરે છે. તેને સાન કે ભાન હોતું નથી. જે મુરખ ને હેવાન હોય, તેને બધા ડોબા જેવો કહે છે.

(પાઠ ૪૪ મો) માના ઉપકાર વીષે.

ઉપકાર=ગુણ, આભાર	ખડું=અથડાઉ	મસ્તી=તોફાન
ખાંતે=હોંશે	ખમા=સારી આશિષ	માફ=ક્ષમા
ધવરાવે=પોતાનું દુધપાય	વદી=બોલી	શિખામણ=બોધ, સમજણ
ખમી=વેઠી	વાલાં=પ્યારાં	સાર=સારી
લાત=પાડુ	અપાર=ઘણાં	પાળીપોષી=ઉછેરી
ખુંદું=કચરૂં	ઢીલું=ઢીલું	અગણિત=ઘણા
ખમનાર=સહનકરનાર	પૂરણ=પૂરેપૂરો	કદી=કોઇ વખત
બોકા=ચુંબન	મલકતે=હસતે	કછોરૂં=કપુત
સરસો=સાથે	મુખડે=મોઢે	એકતાર=એક સરખી
પોઢાડી=સુવાડી	દુખડાં=ઓવારણાં મીઠડાં	સેવા=બરદાસ
હાલાં=સુંદરગીતહાલરડાં	લળીલળી=ટાંપી ટાંપી નમી નમી,પાછાવળી	આભાર=ગુણ, પાડ
વદતી=બોલતી	વારંવાર=ઉપરાઉપરી	લગાર=જરા પણ
પડું=પડી જાઉં		

(૧) તારા (માતાના) ઉપકાર ઘણા છે. હે માતા! તારા ઉપકાર ઘણા છે. હોંશથી ખોળામાં લઇ ધવરાવે છે, અને પાડુના માર ખમે છે. હે! માતા.

(૨) હું હસતો રમતો ખોળો ખુંદું, તોપણ તું ખુશીથી ખમતી. હે માતા! મને ચુંબન લઇને છાતી સાથે દાબીને તું પ્યાર બતાવતી. હે માતા!

(૩) મને પ્રેમથી સુવાડી પ્યારાં લાગે તેવાં સારાં અંબોળો હાલાં બોલતી. હે માતા! હું પડું કે અથડાઉં તો ખમા બોલીને ઘણુંજ હેત બતાવતી. હે માતા!

(૪) મારૂં ઢીલું મોઢું જોઇને આંસુની ધાર પાડતી. હે માતા! સુખમાં કે દુખમાં પૂરેપૂરૂં હેત લાવીને લાડ લડાવ્યાં.

(૫) હું પેરી ઓઢીને (લુગડાં) હસતે મોઢે તારી પાસે આવું, ત્યારે હે માતા! તે વેળા દુખડાં લઇને લળી લળી જોતી, ને વારંવાર હરખાતી. હે માતા?

(૬) મારા તોફાન સામું ન જોતાં, સારી શિખામણ આપતી. હે માતા! મને ઉછેરીને મોટો કર્યો. તારા (માના) ઉપકાર ઘણા છે. હે માતા?

(૭) કોઇ દહાડો ભલે હું કપૂત થાઉં, તો પણ તારો પ્રેમ તો એક સરખો છે. હે માતા! એ બધા ઉપકાર જોઇને તારી સેવા કરવાનું કોઈ દહાડો જરા પણ ભૂલું નહિ. હે માતા!

(પાઠ ૪૮ મો) નિશાળિઆને શિખામણ.

સંભારવા=યાદ કરવા	વેલા=બધાની મોર, અગાઉ, પહેલાં	વર્ગ=કલાસ
જગનાથ=પ્રભુ	નિજ=પોતાના	લડવું=વઢવું
પ્રભાત=સવાર	પાઠ=લેસન	કો=કોઇ દહાડો
નમવું=પગે લાગવું	સંભારવા=યાદ કરવા	કદી=કોઇ દહાડો
શાણા=ડાહ્યા	ગુરૂ=મહેતાજી	આજ્ઞા=હુકમ
શુભરીત=સારાં આચરણ, રીતભાત	સર્વદા=હમેશાં	સાચું=ખરેખરૂં
વસ્ત્ર=લુગડાં, કપડાં	ભાવ=હોંશ, ઉમંગ	છુટી=રજા
ધારવાં=પહેરવાં		સીધા=પાંસરા, પાધરા.

(૧) સવારમાં ઉઠીને પ્રેમથી પ્રભુને સંભારવા. પછી મા બાપને નમવું; અને ડાહ્યા થઇ સારાં આચરણ રાખવાં. પછી દાતણ કરી નાહીને શરીરે સારાં કપડાં પહેરવાં. નિશાળમાં વહેલા જઇને પોતાના પાઠને યાદ કરવા.

(૨) વર્ગમાં બેસો ત્યારે મહેતાજીને હમેશાં નમવું. રોજ હોંશથી ભણવું, અને કોઇની સાથે કોઇ દહાડો લડવું નહિ. ગુરૂનો હુકમ માનવો અને સાચું બોલવું. છુટી થયા પછી નિશાળમાંથી નીકળીને પાધરા (કોઈ પણ ઠેકાણે ન રોકાતાં) ઘેર જવું.

(પાઠ ૪૯ મો.) ઊંટ વિષે.

અકલહિણુ=બુદ્ધિવગરનો	ભાર=બોજો	પંથ=મારગ
ખારીલું=દાઝીલું	વહે=ઉચકે, ઉપાડે	અપાર=ઘણો
ખીજાળ=ભઠે એવું	ખમે=વેઠે	રણમાં=રેતાળજમીનમાં
વાંકી=અવળી, કઢંગી	કાપે=ઓછો કરે	સમાન=સરખું

(૧) ઊંટીયું અક્કલ વગરનું, દાઝીલું ને ખીજાળ છે, ગળું વગાડી ગાંગરે છે, અને વાંકી ચાલ ચાલે છે.

(૨) દુ:ખો વેઠીને ભાર ઉપાડી ઘણો મારગ કાપે છે. રેતાળ જમીનમાં તો વહાણની બરાબર છે. (દરિયામાં વહાણ જેમ ઘણી ઝડપથી ચાલે છે, તેમ રણમાં ઘણી ઝડપથી ઊંટ ચાલે છે.) માટે તેના (ઊંટ) ઉપર પ્યાર આવે છે.

(પાઠ ૬૦ મો.) સંગત વિષે.

અણુસમજુ=સમજણ વગરના	હાની=નુકશાન	વસી=રહી
	ઉલટા=સામા	મુંઝાણી=અકળાણી
સંગ=સોબત	ખુવાર=હેરાન	ખરડાયું=ભીંજાયું
ઉપજે=પેદા થાય	બાપડી=બિચારી	અંગ=શરીર

(૧) અણુસમજુની સોબતમાં રહેવાથી ઘણું દુ:ખ ઉપજે છે. હેત હોય, છતાં પણ નુકસાન કરી ઉલટાં ખુવાર કરે છે.

(૨) જુઓ, બિચારી બિલાડી વાંદરાના સંગમાં રહી, તો મનમાં બહુ મુંઝાણી ને પોતાનું શરીર (શાહીથી) ખરડાયું.

(પાઠ ૬૪ મો) ઇશ્વરનું ભજન.

જગપતિ=દુનિયાના સ્વામી પ્રભુ
જળભંડાર=સાગર, સમુદ્ર
પદારથ=વસ્તુ, ચીજો
સરજનહાર=બનાવનાર
તુજ=તારા
રક્ષા=રક્ષણ, સંભાળ
ટકી=નભી
સંસાર=દુનિયા, જગત પૃથ્વી
લાયક=યોગ્ય
દે=આપે
જગદાધાર=જગતના આધાર પ્રભુ
પાળે=પોષણ કરે
કરૂણાનાભંડાર=ઘણીજ દયાવાળા
સાય=મદદ
સદ્=શારી
પાલનહાર=પોષણકરનાર

(૧) હે જગતના સ્વામી ! (પ્રભુ) તને વારંવાર નમીએ છીએ વારંવાર નમીએ છીએ. શૂર્ય, ચંદ્ર, ઘણા તારા, વાયુ અને સમુદ્ર. હે પ્રભુ.

(૨) ઝાડ, પહાડ, વસ્તુઓ અને પ્રાણીઓ એ બધાં તેં બનાવ્યાં છે. આ બધો સંસાર તારા રક્ષણથી ટકી રહ્યો છે. હે પ્રભુ !

(૩) જેને જે જે લાયક છે, તે તે આપે છે. હો દયાના ભંડાર (પ્રભુ) પ્રાણીઓને પ્રેમથી પાળે છે. હે પ્રભુ !

(૪) પૂરેપૂરો પ્રેમ લાવીને સારા કામોમાં મદદ કરે છે. હે પાલનહાર ! અમે માગીએ છીએ, કે સારી વિદ્યા અને સારી બુદ્ધિમાં વધારો કરો. હે પભુ !



આંક. રોજ વહેલા ઉઠી માબાપને પગે લાગી નિશાળે જવું.

૧૧	૧	૧૧	૧૨	૧	૧૨	૧૩	૧	૧૩	૧૪	૧	૧૪	૧૫	૧	૧૫
૧૧	૨	૨૨	૧૨	૨	૨૪	૧૩	૨	૨૬	૧૪	૨	૨૮	૧૫	૨	૩૦
૧૧	૩	૩૩	૧૨	૩	૩૬	૧૩	૩	૩૯	૧૪	૩	૪૨	૧૫	૩	૪૫
૧૧	૪	૪૪	૧૨	૪	૪૮	૧૩	૪	૫૨	૧૪	૪	૫૬	૧૫	૪	૬૦
૧૧	૫	૫૫	૧૨	૫	૬૦	૧૩	૫	૬૫	૧૪	૫	૭૦	૧૫	૫	૭૫
૧૧	૬	૬૬	૧૨	૬	૭૨	૧૩	૬	૭૮	૧૪	૬	૮૪	૧૫	૬	૯૦
૧૧	૭	૭૭	૧૨	૭	૮૪	૧૩	૭	૯૧	૧૪	૭	૯૮	૧૫	૭	૧૦૫
૧૧	૮	૮૮	૧૨	૮	૯૬	૧૩	૮	૧૦૪	૧૪	૮	૧૧૨	૧૫	૮	૧૨૦
૧૧	૯	૯૯	૧૨	૯	૧૦૮	૧૩	૯	૧૧૭	૧૪	૯	૧૨૬	૧૫	૯	૧૩૫
૧૧	૧૦	૧૧૦	૧૨	૧૦	૧૨૦	૧૩	૧૦	૧૩૦	૧૪	૧૦	૧૪૦	૧૫	૧૦	૧૫૦

મહેતાજીને પોતાના માવતર સમાન ગણવા.

૧૬	૧	૧૬	૧૭	૧	૧૭	૧૮	૧	૧૮	૧૯	૧	૧૯	૨૦	૧	૨૦
૧૬	૨	૩૨	૧૭	૨	૩૪	૧૮	૨	૩૬	૧૯	૨	૩૮	૨૦	૨	૪૦
૧૬	૩	૪૮	૧૭	૩	૫૧	૧૮	૩	૫૪	૧૯	૩	૫૭	૨૦	૩	૬૦
૧૬	૪	૬૪	૧૭	૪	૬૮	૧૮	૪	૭૨	૧૯	૪	૭૬	૨૦	૪	૮૦
૧૬	૫	૮૦	૧૭	૫	૮૫	૧૮	૫	૯૦	૧૯	૫	૯૫	૨૦	૫	૧૦૦
૧૬	૬	૯૬	૧૭	૬	૧૦૨	૧૮	૬	૧૦૮	૧૯	૬	૧૧૪	૨૦	૬	૧૨૦
૧૬	૭	૧૧૨	૨૭	૭	૧૧૯	૧૮	૭	૧૨૬	૧૯	૭	૧૩૩	૨૦	૭	૧૪૦
૧૬	૮	૧૨૮	૧૭	૮	૧૩૬	૧૮	૮	૧૪૪	૧૯	૮	૧૫૨	૨૦	૮	૧૬૦
૧૬	૯	૧૪૪	૧૭	૯	૧૫૩	૧૮	૯	૧૬૨	૧૯	૯	૧૭૧	૨૦	૯	૧૮૦
૧૬	૧૦	૧૬૦	૧૭	૧૦	૧૭૦	૧૮	૧૦	૧૮૦	૧૯	૧૦	૧૯૦	૨૦	૧૦	૨૦૦

કોઇ દિવસ જુઠું બોલવું નહિ, પણ સાચું બોલવું.

રોજ વખતસર નિશાળે જવું, અને ભણવામાં મન રાખવું.

૨૧	૧	૨૧	૨૨	૧	૨૨	૨૩	૧	૨૩	૨૪	૧	૨૪	૨૫	૧	૨૫
૨૧	૨	૪૨	૨૨	૨	૪૪	૨૩	૨	૪૬	૨૪	૨	૪૮	૨૫	૨	૫૦
૨૧	૩	૬૩	૨૨	૩	૬૬	૨૩	૩	૬૯	૨૪	૩	૭૨	૨૫	૩	૭૫
૨૧	૪	૮૪	૨૨	૪	૮૮	૨૩	૪	૯૨	૨૪	૪	૯૬	૨૫	૪	૧૦૦
૨૧	૫	૧૦૫	૨૨	૫	૧૧૦	૨૩	૫	૧૧૫	૨૪	૫	૧૨૦	૨૫	૫	૧૨૫
૨૧	૬	૧૨૬	૨૨	૬	૧૩૨	૨૩	૬	૧૩૮	૨૪	૬	૧૪૪	૨૫	૬	૧૫૦
૨૧	૭	૧૪૭	૨૨	૭	૧૫૪	૨૩	૭	૧૬૧	૨૪	૭	૧૬૮	૨૫	૭	૧૭૫
૨૧	૮	૧૬૮	૨૨	૮	૧૭૬	૨૩	૮	૧૮૪	૨૪	૮	૧૯૨	૨૫	૮	૨૦૦
૨૧	૯	૧૮૯	૨૨	૯	૧૯૮	૨૩	૯	૨૦૭	૨૪	૯	૨૧૬	૨૫	૯	૨૨૫
૨૧	૧૦	૨૧૦	૨૨	૧૦	૨૨૦	૨૩	૧૦	૨૩	૨૪	૧૦	૨૪૦	૨૫	૧૦	૨૫૦

તોફાન કરવું નહિ, અને રસ્તામાં રખડવૂં નહિ,

૨૬	૧	૨૬	૨૭	૧	૨૭	૨૮	૧	૨૮	૨૯	૧	૨૯	૩૦	૧	૩૦
૨૬	૨	૫૨	૨૭	૨	૫૪	૨૮	૨	૫૬	૨૯	૨	૫૮	૩૦	૨	૬૦
૨૬	૩	૭૮	૨૭	૩	૮૧	૨૮	૩	૮૪	૨૯	૩	૮૭	૩૦	૩	૯૦
૨૬	૪	૧૦૪	૨૭	૪	૧૦૮	૨૮	૪	૧૧૨	૨૯	૪	૧૧૬	૩૦	૪	૧૨૦
૨૬	૫	૧૩૦	૨૭	૫	૧૩૫	૨૮	૫	૧૪૦	૨૯	૫	૧૪૫	૩૦	૫	૧૫૦
૨૬	૬	૧૫૬	૨૭	૬	૧૬૨	૨૮	૬	૧૬૮	૨૯	૬	૧૭૪	૩૦	૬	૧૮૦
૨૬	૭	૧૮૨	૨૭	૭	૧૮૯	૨૮	૭	૧૯૬	૨૯	૭	૨૦૩	૩૦	૭	૨૧૦
૨૬	૮	૨૦૮	૨૭	૮	૨૧૬	૨૮	૮	૨૨૪	૨૯	૮	૨૩૨	૩૦	૮	૨૪૦
૨૬	૯	૨૩૪	૨૭	૯	૨૪૩	૨૮	૯	૨૫૨	૨૯	૯	૨૬૧	૩૦	૯	૨૭૦
૨૬	૧૦	૨૬૦	૨૭	૧૦	૨૭૦	૨૮	૧૦	૨૮૦	૨૯	૧૦	૨૯૦	૩૦	૧૦	૩૦૦

નાનપણથીજ સારી ટેવો પાડવી.

પ્રભુનું નામ લઈ વેહેલા સુવું ને વેહેલા ઉઠવું.

૧	૦।	૦।	૧૧	૦।	૨॥।	૨૧	૦।	૫।	૩૧	૦।	૭॥।	૪૧	૦।	૧૦।
૨	૦।	૦॥	૧૨	૦।	૩	૨૨	૦।	૫॥	૩૨	૦।	૮	૪૨	૦।	૧૦॥
૩	૦।	૦॥।	૧૩	૦।	૩।	૨૩	૦।	૫॥।	૩૩	૦।	૮।	૪૩	૦।	૧૦॥।
૪	૦।	૧	૧૪	૦।	૩॥	૨૪	૦।	૬	૩૪	૦।	૮॥	૪૪	૦।	૧૧
૫	૦।	૧।	૧૫	૦।	૩॥।	૨૫	૦।	૬।	૩૫	૦।	૮॥।	૪૫	૦।	૧૧।
૬	૦।	૧॥	૧૬	૦।	૪	૨૬	૦।	૬॥	૩૬	૦।	૯	૪૬	૦।	૧૧॥
૭	૦।	૧॥।	૧૭	૦।	૪।	૨૭	૦।	૬॥।	૩૭	૦।	૯।	૪૭	૦।	૧૧॥।
૮	૦।	૨	૧૮	૦।	૪॥	૨૮	૦।	૭	૩૮	૦।	૯॥	૪૮	૦।	૧૨
૯	૦।	૨।	૧૯	૦।	૪॥।	૨૯	૦।	૭।	૩૯	૦।	૯॥।	૪૯	૦।	૧૨।
૧૦	૦।	૨॥	૨૦	૦।	૫	૩૦	૦।	૭॥	૪૦	૦।	૧૦	૫૦	૦।	૧૨॥

વગર જોતું બોલ બોલ કરવું નહિ.

૫૧	૦।	૧૨॥।	૬૧	૦।	૧૫।	૭૧	૦।	૧૭॥।	૮૧	૦।	૨૦।	૯૧	૦।	૨૨॥।
૫૨	૦।	૧૩	૬૨	૦।	૧૫॥	૭૨	૦।	૧૮	૮૨	૦।	૨૦॥	૯૨	૦।	૨૩
૫૩	૦।	૧૩।	૬૩	૦।	૧૫॥।	૭૩	૦।	૧૮।	૮૩	૦।	૨૦॥।	૯૩	૦।	૨૩।
૫૪	૦।	૧૩॥	૬૪	૦।	૧૬	૭૪	૦।	૧૮॥	૮૪	૦।	૨૧	૯૪	૦।	૨૩॥
૫૫	૦।	૧૩॥।	૬૫	૦।	૧૬।	૭૫	૦।	૧૮॥।	૮૫	૦।	૨૧।	૯૫	૦।	૨૩॥।
૫૬	૦।	૧૪	૬૬	૦।	૧૬॥	૭૬	૦।	૧૯	૮૬	૦।	૨૧॥	૯૬	૦।	૨૪
૫૭	૦।	૧૪।	૬૭	૦।	૧૬॥।	૭૭	૦।	૧૯।	૮૭	૦।	૨૧॥।	૯૭	૦।	૨૪।
૫૮	૦।	૧૪॥	૬૮	૦।	૧૭	૭૮	૦।	૧૯॥	૮૮	૦।	૨૨	૯૮	૦।	૨૪॥
૫૯	૦।	૧૪॥।	૬૯	૦।	૧૭।	૭૯	૦।	૧૯॥।	૮૯	૦।	૨૨।	૯૯	૦।	૨૪॥।
૬૦	૦।	૧૫	૭૦	૦।	૧૭॥	૮૦	૦।	૨૦	૯૦	૦।	૨૨॥	૧૦૦	૦।	૨૫

સારા છોકરાની સોબતમાં રહેવું.

કોઇની ચીજ છાનીમાની લેવી નહિ.

૧ ૦॥ ૦॥	૧૧ ૦॥ ૫॥	૨૧ ૦॥ ૧૦॥	૩૧ ૦॥ ૧૫॥	૪૧ ૦॥ ૨૦॥
૨ ૦॥ ૧	૧૨ ૦॥ ૬	૨૨ ૦॥ ૧૧	૩૨ ૦॥ ૧૬	૪૨ ૦॥ ૨૧
૩ ૦॥ ૧॥	૧૩ ૦॥ ૬॥	૨૩ ૦॥ ૧૧॥	૩૩ ૦॥ ૧૬॥	૪૩ ૦॥ ૨૧॥
૪ ૦॥ ૨	૧૪ ૦॥ ૭	૨૪ ૦॥ ૧૨	૩૪ ૦॥ ૧૭	૪૪ ૦॥ ૨૨
૫ ૦॥ ૨॥	૧૫ ૦॥ ૭॥	૨૫ ૦॥ ૧૨॥	૩૫ ૦॥ ૧૭॥	૪૫ ૦॥ ૨૨॥
૬ ૦॥ ૩	૧૬ ૦॥ ૮	૨૬ ૦॥ ૧૩	૩૬ ૦॥ ૧૮	૪૬ ૦॥ ૨૩
૭ ૦॥ ૩॥	૧૭ ૦॥ ૮॥	૨૭ ૦॥ ૧૩॥	૩૭ ૦॥ ૧૮॥	૪૭ ૦॥ ૨૩॥
૮ ૦॥ ૪	૧૮ ૦॥ ૯	૨૮ ૦॥ ૧૪	૩૮ ૦॥ ૧૯	૪૮ ૦॥ ૨૪
૯ ૦॥ ૪॥	૧૯ ૦॥ ૯॥	૨૯ ૦॥ ૧૪॥	૩૯ ૦॥ ૧૯॥	૪૯ ૦॥ ૨૪॥
૧૦ ૦॥ ૫	૨૦ ૦॥ ૧૦	૩૦ ૦॥ ૧૫	૪૦ ૦॥ ૨૦	૫૦ ૦॥ ૨૫

કજીઆ કરી માવતરને કનડવા નહિ.

૫૧ ૦॥ ૨૫॥	૬૧ ૦॥ ૩૦॥	૭૧ ૦॥ ૩૫॥	૮૧ ૦॥ ૪૦॥	૯૧ ૦॥ ૪૫॥
૫૨ ૦॥ ૨૬	૬૨ ૦॥ ૩૧	૭૨ ૦॥ ૩૬	૮૨ ૦॥ ૪૧	૯૨ ૦॥ ૪૬
૫૩ ૦॥ ૨૬॥	૬૩ ૦॥ ૩૧॥	૭૩ ૦॥ ૩૬॥	૮૩ ૦॥ ૪૧॥	૯૩ ૦॥ ૪૬॥
૫૪ ૦॥ ૨૭	૬૪ ૦॥ ૩૨	૭૪ ૦॥ ૩૭	૮૪ ૦॥ ૪૨	૯૪ ૦॥ ૪૭
૫૫ ૦॥ ૨૭॥	૬૫ ૦॥ ૩૨॥	૭૫ ૦॥ ૩૭॥	૮૫ ૦॥ ૪૨॥	૯૫ ૦॥ ૪૭॥
૫૬ ૦॥ ૨૮	૬૬ ૦॥ ૩૩	૭૬ ૦॥ ૩૮	૮૬ ૦॥ ૪૩	૯૬ ૦॥ ૪૮
૫૭ ૦॥ ૨૮॥	૬૭ ૦॥ ૩૩॥	૭૭ ૦॥ ૩૮॥	૮૭ ૦॥ ૪૩॥	૯૭ ૦॥ ૪૮॥
૫૮ ૦॥ ૨૯	૬૮ ૦॥ ૩૪	૭૮ ૦॥ ૩૯	૮૮ ૦॥ ૪૪	૯૮ ૦॥ ૪૯
૫૯ ૦॥ ૨૯॥	૬૯ ૦॥ ૩૪॥	૭૯ ૦॥ ૩૯॥	૮૯ ૦॥ ૪૪॥	૯૯ ૦॥ ૪૯॥
૬૦ ૦॥ ૩૦	૭૦ ૦॥ ૩૫	૮૦ ૦॥ ૪૦	૯૦ ૦॥ ૪૫	૧૦૦ ૦॥ ૫૦

રોજ થોડો વખત રમવું.

રીસાળું નહિ, પણ હસમુખા બનવું.

૧ ૧॥ ૧॥	૧૧ ૧॥ ૧૬॥	૨૧ ૧॥ ૩૧॥	૩૧ ૧॥ ૪૬॥	૪૧ ૧॥ ૬૧॥
૨ ૧॥ ૩	૧૨ ૧॥ ૧૮	૨૨ ૧॥ ૩૩	૩૨ ૧॥ ૪૮	૪૨ ૧॥ ૬૩
૩ ૧॥ ૪॥	૧૩ ૧॥ ૧૯॥	૨૩ ૧॥ ૩૪॥	૩૩ ૧॥ ૪૯॥	૪૩ ૧॥ ૬૪॥
૪ ૧॥ ૬	૧૪ ૧॥ ૨૧	૨૪ ૧॥ ૩૬	૩૪ ૧॥ ૫૧	૪૪ ૧॥ ૬૬
૫ ૧॥ ૭॥	૧૫ ૧॥ ૨૨॥	૨૫ ૧॥ ૩૭॥	૩૫ ૧॥ ૫૨॥	૪૫ ૧॥ ૬૭॥
૬ ૧॥ ૯	૧૬ ૧॥ ૨૪	૨૧ ૧॥ ૩૯	૩૬ ૧॥ ૫૪	૪૬ ૧॥ ૬૯
૭ ૧॥ ૧૦॥	૧૭ ૧॥ ૨૫॥	૨૭ ૧॥ ૪૦॥	૩૭ ૧॥ ૫૫॥	૪૭ ૧॥ ૭૦॥
૮ ૧॥ ૧૨	૧૮ ૧॥ ૨૭	૨૮ ૧॥ ૪૨	૩૮ ૧॥ ૫૭	૪૮ ૧॥ ૭૨
૯ ૧॥ ૧૩॥	૧૯ ૧॥ ૨૮॥	૨૯ ૧॥ ૪૩॥	૩૯ ૧॥ ૫૮॥	૪૯ ૧॥ ૭૩॥
૧૦ ૧॥ ૧૫	૨૦ ૧॥ ૩૦	૩૦ ૧॥ ૪૫	૪૦ ૧॥ ૬૦	૫૦ ૧॥ ૭૫

ચોકખાઈ રાખી ધોએલાં કપડાં પહેરવાં.

૫૧ ૧॥ ૭૬॥	૬૧ ૧॥ ૯૧॥	૭૧ ૧॥ ૧૦૬॥	૮૧ ૧॥ ૧૨૧॥	૯૧ ૧॥ ૧૩૬॥
૫૨ ૧॥ ૭૮	૬૨ ૧॥ ૯૩	૭૨ ૧॥ ૧૦૮	૮૨ ૧॥ ૧૨૩	૯૨ ૧॥ ૧૩૮
૫૩ ૧॥ ૭૯॥	૬૩ ૧॥ ૯૪॥	૭૩ ૧॥ ૧૦૯॥	૮૩ ૧॥ ૧૨૪॥	૯૩ ૧॥ ૧૩૯॥
૫૪ ૧॥ ૮૧	૬૪ ૧॥ ૯૬	૭૪ ૧॥ ૧૧૧	૮૪ ૧॥ ૧૨૬	૯૪ ૧॥ ૧૪૧
૫૫ ૧॥ ૮૨॥	૬૫ ૧॥ ૯૭॥	૭૫ ૧॥ ૧૧૨॥	૮૫ ૧॥ ૧૨૭॥	૯૫ ૧॥ ૧૪૨॥
૫૬ ૧॥ ૮૪	૬૬ ૧॥ ૯૯	૭૬ ૧॥ ૧૧૪	૮૬ ૧॥ ૧૨૯	૯૬ ૧॥ ૧૪૪
૫૭ ૧॥ ૮૫॥	૬૭ ૧॥ ૧૦૦॥	૭૭ ૧॥ ૧૧૫॥	૮૭ ૧॥ ૧૩૦॥	૯૭ ૧॥ ૧૪૫॥
૫૮ ૧॥ ૮૭	૬૮ ૧॥ ૧૦૨	૭૮ ૧॥ ૧૧૭	૮૮ ૧॥ ૧૩૨	૯૮ ૧॥ ૧૪૭
૫૯ ૧॥ ૮૮॥	૬૯ ૧॥ ૧૦૩॥	૭૯ ૧॥ ૧૧૮॥	૮૯ ૧॥ ૧૩૩॥	૯૯ ૧॥ ૧૪૮॥
૬૦ ૧॥ ૯૦	૭૦ ૧॥ ૧૦૫	૮૦ ૧॥ ૧૨૦	૯૦ ૧॥ ૧૩૫	૧૦૦ ૧॥ ૧૫૦

નઠારાં વચન કોઇ કહાડો બોલવાં નહિ.

ઉમંગ રાખી રોજ નવું નવું શીખવું

૧ ૨॥ ૨॥	૧૧ ૨॥ ૨૭॥	૨૧ ૨॥ ૫૨॥	૩૧ ૨॥ ૭૭॥	૪૧ ૨॥ ૧૦૨॥
૨ ૨॥ ૫	૧૨ ૨॥ ૩૦	૨૨ ૨॥ ૫૫	૩૨ ૨॥ ૮૦	૪૨ ૨॥ ૧૦૫
૩ ૨॥ ૭॥	૧૩ ૨॥ ૩૨॥	૨૩ ૨॥ ૫૭॥	૩૩ ૨॥ ૮૨॥	૪૩ ૨॥ ૧૦૭॥
૪ ૨॥ ૧૦	૧૪ ૨॥ ૩૫	૨૪ ૨॥ ૬૦	૩૪ ૨॥ ૮૫	૪૪ ૨॥ ૧૧૦
૫ ૨॥ ૧૨॥	૧૫ ૨॥ ૩૭॥	૨૫ ૨॥ ૬૨॥	૩૫ ૨॥ ૮૭॥	૪૫ ૨॥ ૧૧૨॥
૬ ૨॥ ૧૫	૧૬ ૨॥ ૪૦	૨૬ ૨॥ ૬૫	૩૬ ૨॥ ૯૦	૪૬ ૨॥ ૧૧૫
૭ ૨॥ ૧૭॥	૧૭ ૨॥ ૪૨॥	૨૭ ૨॥ ૬૭॥	૩૭ ૨॥ ૯૨॥	૪૭ ૨॥ ૧૧૭॥
૮ ૨॥ ૨૦	૧૮ ૨॥ ૪૫	૨૮ ૨॥ ૭૦	૩૮ ૨॥ ૯૫	૪૮ ૨॥ ૧૨૦
૯ ૨॥ ૨૨॥	૧૯ ૨॥ ૪૭॥	૨૯ ૨॥ ૭૨॥	૩૯ ૨॥ ૯૭॥	૪૯ ૨॥ ૧૨૨॥
૧૦ ૨॥ ૨૫	૨૦ ૨॥ ૫૦	૩૦ ૨॥ ૭૫	૪૦ ૨॥ ૧૦૦	૫૦ ૨॥ ૧૨૫

આપેલા પાઠ રોજ સંભાળી જવા.

૫૧ ૨॥ ૧૨૭॥	૬૧ ૨॥ ૧૫૨॥	૭૧ ૨॥ ૧૭૭॥	૮૧ ૨॥ ૨૦૨॥	૯૧ ૨॥ ૨૨૭॥
૫૨ ૨॥ ૧૩૦	૬૨ ૨॥ ૧૫૫	૭૨ ૨॥ ૧૮૦	૮૨ ૨॥ ૨૦૫	૯૨ ૨॥ ૨૩૦
૫૩ ૨॥ ૧૩૨॥	૬૩ ૨॥ ૧૫૭॥	૭૩ ૨॥ ૧૮૨॥	૮૩ ૨॥ ૨૦૭॥	૯૩ ૨॥ ૨૩૨॥
૫૪ ૨॥ ૧૩૫	૬૪ ૨॥ ૧૬૦	૭૪ ૨॥ ૧૮૫	૮૪ ૨॥ ૨૧૦	૯૪ ૨॥ ૨૩૫
૫૫ ૨॥ ૧૩૭॥	૬૫ ૨॥ ૧૬૨॥	૭૫ ૨॥ ૧૮૭॥	૮૫ ૨॥ ૨૧૨॥	૯૫ ૨॥ ૨૩૭॥
૫૬ ૨॥ ૧૪૦	૬૬ ૨॥ ૧૬૫	૭૬ ૨॥ ૧૯૦	૮૬ ૨॥ ૨૧૫	૯૬ ૨॥ ૨૪૦
૫૭ ૨॥ ૧૪૨॥	૬૭ ૨॥ ૧૬૭॥	૭૭ ૨॥ ૧૯૨॥	૮૭ ૨॥ ૨૧૭॥	૯૭ ૨॥ ૨૪૨॥
૫૮ ૨॥ ૧૪૫	૬૮ ૨॥ ૧૭૦	૭૮ ૨॥ ૧૯૫	૮૮ ૨॥ ૨૨૦	૯૮ ૨॥ ૨૪૫
૫૯ ૨॥ ૧૪૭॥	૬૯ ૨॥ ૧૭૨॥	૭૯ ૨॥ ૧૯૭॥	૮૯ ૨॥ ૨૨૨॥	૯૯ ૨॥ ૨૪૭॥
૬૦ ૨॥ ૧૫૦	૭૦ ૨॥ ૧૭૫	૮૦ ૨॥ ૨૦૦	૯૦ ૨॥ ૨૨૫	૧૦૦ ૨॥ ૨૫૦

ઘરેણાં પહેરવા નહિ, પણ સારાં આચરણ રાખવાં.

ચલણી ના ાની ધાત.

૩ પાઇનો	૧ પૈસો
૨ અધેલે	૧ પૈસો
૨ પૈસાનો	૧ ઢબુ
૩ પૈસાનો	૧ ટકો
૪ પૈસાનો	૧ આનો
૮ પૈસાના	૨ આના
૧૬ પૈસાના	૪ ઓના
૩૨ પૈસાના	૮ આના
૪૮ પૈસાના	૧૨ આના
૬૪ પૈસાનો	૧ રૂપિયો
૧ આનાના	૪ પૈસા
૨ આનાના	૮ પૈસા
૪ આનાના	૧૬ પૈસા
૮ આનાના	૩૨ પૈસા
૧૨ આનાના	૪૮ પૈસા
૧૬ આનાના	૬૪ પૈસા
૧ પૈસાની	૩ પાઈ
૨ પૈસાની	૬ પાઇ
૩ પૈસાની	૯ પાઇ
૪ પૈસાની	૧૨ પાઇ
૧૨ પાઇના	૪ પૈસા
૯ પાઇના	૩ પૈસા
૬ પાઈના	૨ પૈસા
૩ પાઇનો	૧ પૈસો

૪ પૈસાનો	૧ આનો
૨ આનાની	૧ બેઆની
૪ આનાની	૧ પાવલી
૮ આનાનો	૧ અરધો
૧૨ આનાનો	૦।।। રૂપિયો
૧૬ આનાનો	૧ રૂપિયો
૧ રૂપિયાના	અરધા ૨
૧ રૂપીઆના	પાવલા ૪
૧ રૂપીઆની	બેઆની ૮
૧ રૂપીઆની	એકઆની ૧૬
૧ રૂપીઆના	ઢબુ ૩૨
૨ અરધાનો	૧ રૂપિઓ
૪ પાવલાનો	૧ રૂપિઓ
૮ બેઆનીનો	૧ રૂપિઓ
૧૬ આનીનો	૧ રૂપિઓ
૧ રૂપિઆની	૧૯૨ પાઇ
૦।। રૂપિઆની	૯૬ પાઇ
૦। રૂપિઆની	૪૮ પાઇ
બે આનાની	૨૪ પાઇ
એક આનાની	૧૨ પાઇ
૧ રૂપીઆનાપૈસા	૬૪
૦।। રૂપીઆના પૈસા	૩૨
૦। રૂપીઆના પૈસા	૧૬

મોઢે ગણવાના હિસાબ.

(૧) એક પેટીમાંથી ૧૯૨ પાઇ, ૧૨૮ અધેલા, ૩૨ ઢબુ ૬૪ પૈસા, ૧૬ એકઆની, ૮ બેઆની, ૪ પાવલી, અને ૨ અડધા નીકળ્યા. ત્યારે કૂલ નાણું કેટલું હશે?

(૨) ૧૬ કબુતરોમાં ૬૪ પૈસાના દાળીઆ ખવરાવ્યા, તો દરેકને કેટલી કિંમતના ખવરાવ્યા?

(૩) ૦ા રૂપિયાના બોર ૬૪ છોકરાઓમાં વેંહેંચ્યા, તો દરેકને કેટલી કિંમતના આવ્યા?

(૪) ૧૦૦ વિદ્યાર્થીઓમાં ૫૦ રૂપિયા ઇનામના આપ્યા, તો દરેકને ભાગ શું આવ્યું?

(૫) ૨૦ રૂપિયાનું દૂધ ૮૦ ગાયોમાં પાયું, તો દરેક ગાયને કેટલી કીંમતનું પાયું?

(૬) ૨૦૦ ગરીબોમાં ૨૫ રૂપિયા વેંહેંચ્યા, તો દરેકને ભાગ શું આવ્યું?

(૭) ૨ પૈસાનું ૧ કવર મળે છે, તો ૧૦૦ કવરનું શું બેસે?

(૮) ૧ પૈસાનું ૧ ક્યાર્ડ આવે છે, તો ૧૦ રૂપિયાના કેટલા ક્યાર્ડ આવે?

(૯) ૧રૂપિયો ૬૪ છોકરાઓમાં વહેંચ્યો, તો દરેકને શું આવ્યું?

(૧૦) ૧૯૨ પાઇ ૮ વર્ગમાં વહેંચી, તો દરેક વર્ગમાં કેટલી આવી?

(૧૧) ૧૦૦ પાવલા ૨૫ છોકરામાં દઇએ તો દરેકને શું આવે?

(૧૨) ૬૪ અડધા ૩૨ છોકરામાં દીધા, તો કેટલા રૂપિયા જોયા?

(૧૩) ૧૦૦ રૂપિયાના ઢોર લીધાં. તેમાં ૩૦ ની ૧ ગાય, ૨૦ રૂપિયાનો ૧ બળદ લીધો, ત્યારે ભેંસ કેટલા રૂપિયાની લીધી?

(૧૪) અઠેક પાઈ દરેક છોકરાને આપતાં ૧ રૂપિયો થયો, તો કેટલા છોકરાઓમાં અપાઈ હશે?

સંખ્યા પરિમાણ.

સવળી		અવળી	
એકમ	૧	દશહજાર	૧૦૦૦૦
દશક	૧૦	હજાર	૧૦૦૦
સો	૧૦૦	સો	૧૦૦
હજાર	૧૦૦૦	દશક	૧૦
દશહજાર	૧૦૦૦૦	એકમ	૧

આવી ગયેલા આંકોનું મુખ ગણિત.

(૧) ૧ માણસને ૨ હાથ, તો ૨૭ માણસને કેટલા હાથ ?

(૨) ૧ ગાયના ૪ પગ, તો ૧૭ ગાયના કેટલા પગ ?

(૩) ૧ માણસના હાથ પગના મળીને ૧૦ આંગળાં, તો ૨૩ માણસના કેટલા ?

(૪) ૨૦૭ કેરીઓ ૨૩ છોકરાઓમાં વહેંચી, તો દરેકને ભાગ કેટલી આવે ?

(૫) ૧ ગાયના ૨૦ રૂપિયા બેસે છે, તો ૨૦૦ રૂપિયામાં કેટલી ગાયો આવશે ?

(૬) ૨૫ રૂપિયા ૨૫૦ ગરીબોમાં વહેંચીએ, તો દરેકને ભાગ શું આવે ?

(૭) એક શાહુકાર રોજ ૨॥ રૂપિયા ધર્માદામાં વાપરે છે. તો ૩, ૬, ૯, અને ૧૨ મહિનાનું કેટલું વાપરતા હશે ?

(૮) દીવાન સાહેબે ૧૦૦ રૂપિયાના કપડાં ૪૦ છોકરાઓમાં વહેંચ્યા તો દરેકને કેટલા રૂપિયાના આવ્યા હશે ?

(૯) ૧ ઘોડાને રોજની ચંદીમાં ૦। રૂપિયાનો બાજરો, ૦। રૂપિયાના મઠ ને ૦॥ રૂપિયાના ચણા જોઈએ છીએ, તો ૧૦૦ ઘો- ડાને કેટલી ચંદી જોતી હશે ?

(૧૦) એક જાનમાં ૮૦ બળદો વચ્ચે ૧૨૦ રૂપિયાના કપાસીઆ ખવરાવ્યા, તો દરેક બળદને કેટલા રૂપિયાના ખવરાવ્યા હશે?

(૧૧) એક પાંજરાપોળમાં ૧૫૦ રૂપિયાની જાર ૧૦૦ પક્ષીઓમાં વાપરી, તો દરેક પક્ષીમાં કેટલી જોઈ હશે ?

(૧૩) ગુજરાતી નિશાળમાં પહેલા કલાસની ફી. ૧ આનો છે, અને વિદ્યાર્થીઓ ૧૦૦ છે. બીજાની ૨ આના અને વિદ્યાર્થીઓ ૮૦ છે. ત્રીજાની ૩ આના ને વિદ્યાર્થીઓ ૬૦ છે. ચોથાની ૪ આના ને વિદ્યાર્થીઓ ૫૦ છે, પાંચમાની ૫ આના ને વિદ્યાર્થીઓ ૪૦ છે. છઠાની ૬ આનાને વિદ્યાર્થીઓ ૨૦ છે સાતમાની ૭ આનાને વિદ્યાર્થીઓ ૫ છે, તો દરેક વિદ્યાર્થીઓની મળીને કેટલી ફી આવે ?

(૧૪) ગરીબોમાં દરેકને ૧।। રૂપિયો આપતાં ૧૩૦।। રૂપિયા જોયા, તો કેટલા ગરીબોને આપ્યા હશે ?

(૧૫) એક હુશિયાર વિદ્યાર્થીને ડાકતર સાહેબે ૧૬।। રૂપિયાનું અનાજ, ૧૫ રૂપિઆના પુસ્તકો, ૨૨।। રૂપિયાના કપડાં, ૩।। રૂપિયાનું ઘી, ૧૦।। રૂપીયાના વાસણ, ૨।। રૂપિયાની સાકર, અને ૧૧ રૂપિયા રોકડા આપ્યા; તો બધું મળીને કેટલું અપાવ્યું હશે ?

(૧૬) એક શેઠે ૩૦૦ રૂપિયાના વાસણનું લહાણું ૨૦૦ ઘરોમાં કર્યું, તો એક ઘર વાળાને કેટલી કિમતનું આવ્યું હશે.

(૧૭) ૧૫૦ કેળાં ૨૫ વિદ્યાર્થીઓમાં દીધા, તો દરેકને કેટલા આવ્યા ?

(૧૮) ૬૦૦ પેનો છે. દરેકને બબ્બે આપીએ, તો કેટલા છોકરાઓને આપી શકાય ?

(૧૯) ૭૫ દાડમ છે. દરેકને ૩ ત્રણ આપતાં કેટલા જણને આપી શકાય ?

(૨૦) એક લખોટાના ચોકઠામાં લોઢાના સરીઆની ૧૦ હારોમાં બધા મળી ૪૦૦ લખોટા છે. તો દરેક સરીઆમાં કેટલા લખોટા હશે?

(૨૧) એક રબારીને ત્યાં બકરાનાં ૬ ટોળાં છે. પહેલા ટોળામાં ૧ દસકા બકરાં છે, બીજામાં ૨ દસકા, ત્રીજામાં ૩ દસકા, ચોથામાં ૪ દસકા પાંચમામાં ૫ દસકા અને છઠામાં ૬ દસકા બકરાં છે. ત્યારે બધા મળીને કેટલાં બકરાં હશે?

(૨૨) એક નગરશેઠે ૫૦૦૦ શ્રીફળ લહાણી કરવા માટે આપ્યા. તેમાંથી ૧૫૦૦ શ્રીફળ હાઇસ્કુલમાં, ૨૫૦ શ્રીફળ કન્યાશાળામાં અને ૭૦૦ શ્રીફળ તાલુકા સ્કુલમાં વેહેંચ્યા; તો બાંય સ્કુલમાં કેટલા શ્રીફળ વહેંચ્યા હશે?

(૨૩) ઠાકોર સાહેબે ૩૦૦ રુપિયાની ચોપડીઓ, ૧૬૦ રૂપિયાની ટોપીઓ, ૧૫૦ રૂપિયાની સ્લેટો, ૧૪૦ રૂપિયાની ધોતલીઓ, અને ૧૨૦ રૂપિયાના ઝબલા એ પ્રમાણે નિશાળોમાં ઇનામ વહેંચ્યું, તો બધું મળીને કેટલા રૂપિયાનું ઇનામ વહેંચ્યું હશે?

(૨૪) માસ્તર સાહેબે અથાણું કરવા માટે ૪૦૦ લીંબુ મંગાવ્યા. તેમાંથી ૪ દસકા તેમની બેનને દીધા, ૫ દસકા તેમના ભાઇને દીધા, ૩ દશકા ડાક્તરને મોકલાવ્યા અને ૨ દસકા તેમની ફઇબાને આપ્યા; તો તેમના પાસે કેટલાં લીંબુ રહ્યા?

(૨૫) એક કુંભારે માટીના ૫ ચકલા, ૨૦ પોપટ, ૧૫ મોર ૨૫ કબુતર, ૧૮ ઉંદર, ૧૨ કુકડા, ૯ ખીસકોલી, ૫૦ ખડીઆ, ૩૦ રકાબીઓ, ૪૦ કેરીઓ, ૩૫ કેળાં, ૧૪ રીંગણાં, ૧૧ મરચાં અને ૧૬ સોગઠાં બનાવી એક શાહુકારને ભેટ આપ્યાં. શાહુકારે

ખુશી થઈ રૂપિયા ૩૦૦ કુંભારને ઇનામ આપ્યા, તો દરેક નંગનું કુંભારને શું આવ્યું હશે?

(૨૬) મામલતદાર સાહેબે શેરડીના સાંઠાની કન્યાસાળામાં લહાણી કરી. કન્યાશાળામાં ૩ કલાસ છે. પહેલા કલાસમાં ૧૫ કન્યાઓ છે. તેથી બમણી બીજા કલાસમાં છે. તેથી ૩ ગણી ત્રીજા કલાસમાં છે. તો કુલ કન્યાઓ કેટલી અને કુલ સાંઠાઓ કેટલા?

(૨૭) એક મોટા સરકસમાં ૧ હાથી, ૧ સિંહ, ૨ કુતરા, ૩ ઘોડા, ૨ દીપડા, ૪ વાંદરા, ૧ શિયાળ, ૧ વરૂ, ૧ લોકડી, ૧ નોળીઓ; ૧ ખચ્ચર, ૧ બિલાડી, ૧ કુકડો, અને ૫ મલ્લ છે. તે બધાનું મળીને રોજનું ખરચ ૬૨॥ રૂપિયા થાય છે. તો દરેકનું જુદું જુદું ખર્ચ કેટલું?

(૨૮) જમાદાર સાહેબને ત્યાં વિવાહ હોવાથી કંસારાને ત્યાંથી ૨૦૦ થાળીઓ, ૧૫૦ વાટકા, ૧૫૦ રકાબીઓ, ૪૦ તપેલા, ૩૦ ચમચા ૧૬૦ પ્યાલા, ૭૫ તાસ, ૨૫ ગાગરો, ૧૫ પીતળની ગોળીઓ, અને ૪૦ ખુમચા લાવ્યા. તો બધાં મળી કેટલાં વાસણો હશે?

(૨૯) દિવાળીના તહેવારમાં ફોજદાર સાહેબે સિપાઇઓની પલટણ બોલાવી, ત્યારે ૩૦ સિપાઇઓની એક હાર ગોઠવી. એ પ્રમાણે એવી ૧૦ હારોમાં કેટલા સિપાઇઓ હશે?

(૩૦) એક ટેબલમાં ૧૨ ખાનાં છે પહેલા ખાનામાં ૧૬ એ-કઆનીઓ, બીજાખાનામાં ૮ બે આનીઓ, ત્રીજામાં ૪ પાવલી, ચોથામાં ૨ અરધા, પાંચમામાં ૧૬ પૈસા, છઠામાં ૩૨ પૈસા, સાતમામાં ૪૮ પૈસા, આઠમામાં ૬૪ પૈસા, નવમામાં ૯૬ પાઇ, દસમામાં ૧૯૨ પાઈ, અગીયારમામાં ૧૨૮ અધેલા, અને બારમામાં ૩૨ ઢબુ છે. તો બધા ખાનામાં મળીને કુલ નાણું કેટલું હશે?

પદાર્થ પાઠ.

[illegible]

સાહિત્ય—પાણી, દુધ, [illegible] દુધ, ખાંડ, મીઠું, ચાક, પ્યાલો, લાલ, પીળો, લીલો, ને વાદળી રંગ વગેરે.

છોકરાઓ, આ લોટામા શું છે? પાણી છે.

એનો રંગ કેવો દેખાય છે? ધોળો.

મશનો રંગ કેવો છે? કાળો કહો? વનસ્પતિનો રંગ કેવો છે? લીલો. રૂપાનો ને રૂનો રંગ કેવો છે? ધોળો.

ત્યારે દુધ અને દહીનો રંગ કેવો છે? ધોળો.

પાણી, એ દુધ દહી અને રૂ જેવા ધોળા રંગનું દેખાય છે? ના. ત્યારે બોલો? પાણી કેવું દેખાય છે? રંગ વગરનું.

હવે, આ પાણીમાં જુદા જુદા રંગો નાંખો. આતો લાલ પીળું, ને વાદળી રંગનું પાણી દેખાય છે. શાથી દેખાય છે? પાણીમાં જુદા જુદા રંગો નાંખવાથી જુદા જુદા રંગનું પાણી દેખાય છે ત્યારે એકલું પાણી કેવા રંગનું દેખાય? રંગ વગરનું દેખાય. રંગ વગરનું શા કારણથી દેખાય? એકલા પાણીનો કોઇ પણ રંગ જણાતો નથી માટે.

જુઆ આ દુધથી ભરેલો પ્યાલો છે, અને આ પાણીથી ભરેલો પ્યાલો છે. હવે બંને પ્યાલામાં તમે પૈસો નાંખો. પાણીવાળા પ્યાલામાં પૈસો દેખાય છે, પણ દુધવાળા પ્યાલામાં પૈસો દેખાતો નથી.

દુધમાં પૈસો શામાટે દેખાતો નથી? દુધમાં આરપાર દેખાતું નથી માટે.

તમે કાચના પ્યાલામાં પાણી નાંખીને જુઓ? પાણી દેખાય. છે. હવે દુધ અને પૈસો નાંખીને જુઓ? દુધ અને પૈસો દેખાય છે

પાણી, દુધ અને પૈસો શાથી દેખાય છે? કાચમાં આરપાર જોવાય છે માટે.

આરપાર શેમાં દેખાય છે? પાણીમાં અને કાચમાં.

આરપાર દેખાય છે તે કયો ગુણ કહેવાય? આરપારદેખાય તેવો છોકરાઓ, આ ગુલાબનું ફુલ, કેવડો અને કપુર સુંઘો?

આ બધાને સુંઘવાથી સારી ગંધ આવે છે.

ચામડું સુંઘો? ખરાબ ગંધ આવે છે.

હવે પાણીને સુંઘો? પાણીમાંથી ગંધ આવતી નથી. ગંધ આવે એ કેવું કહેવાય? ગંધવાળું કહેવાય.

પાણી કેવું કહેવાય? ગંધ વગરનું. ગંધ વગરનું કેમ કહેવાય? પાણીમાં ગંધ આવતી નથી માટે.

લ્યો, પાણીથી ભરેલો પ્યાલો વાંકો વાળો? આતો દુધની પેઠે પાણીનો રેલો ચાલે છે.

રેલો કોની તરફ ચાલે છે? ઢળતી જગા તરફ.

હવે રેતી ભરેલો પ્યાલો વાંકો વાળો? રેતીની ધાર થાય છે, પણ પાણીની પેઠે રેલો ચાલતો નથી.

પ્યાલામાં માટી ને કાગળનો ભુકો કરી ઢોળી નાંખો? આતો ઢગલા થયા, પણ પાણીની પેઠે રેલો ચાલતો નથી.

કઇ ચીજનો રેલો ચાલે છે? પાણી, દુધ, છાશ, તેલ, ઉનું ઘી ગ્યાસલેટ, ફુલનાઇ, તરપીટન વગેરે પ્રવાહી ચીજોનો રેલો ચાલે છે.

કઇ ચીજનો રેલો ચાલતો નથી? ખાંડ, રેતી, ચાક, પેન, પથરા, સ્લેટ વગેરે નક્કર ચીજોનો રેલો ચાલતો નથી.

રેલો ચાલે તે શું કહેવાય? પ્રવાહી કહેવાય.

રેલો ન ચાલે તે શું કહેવાય? ઘન કહેવાય.

પાણી કેવું કહેવાય ? **પ્રવાહી.**

પ્રવાહી પદાર્થો શેમાં રહે? **વાસણોમાં.**

તમે સાકર અને ગોળ નાંખેલું પાણી ચાખો ? **ગળું લાગે છે.**

આમલી અને લીંબુ નીચોવેલું પાણી ચાખો ? **ખાટું લાગે છે.**

મીઠું અને [illegible] નાંખેલું પાણી ચાખો ? **ખારૂં લાગે છે.**

કરીઆતુ અને કાયફળ નાંખેલું ચાખો ? **કડવું લાગે છે.**

તીખાં, લવીંગ તજ ગંઠોડા ને સુંઠથી ઉકાળેલું પાણી ચાખો? **તીખું, લાગે છે.**

શા કારણથી ગળ્યું, ખારૂં, કડવું, ખાટું ને તીખું લાગે છે ? **જુદા જુદા સ્વાદની ચીજો પાણીમાં નાંખી છે માટે.**

એકલું પાણી ચાખો, તેનો સ્વાદ કેવો લાગે છે ?

એકલા પાણીનો કાંઈ પણ સ્વાદ લાગતો નથી.

કેમ સ્વાદ લાગતો નથી ? **પાણી સ્વાદ વગરનું છે માટે.**

લ્યો, પાણીમાં **ખાંડ. મીઠું ને માટી જુદી જુદી નાંખો ?**

આ તો ત્રણે ચીજો પાણીમાં ઓગળી ગઈ.

શા કારણથી ઓગળી ગઈ ? **પાણી પોતાનામાં વસ્તુને ઓગાળનાર છે માટે.**

પાણીના ગુણ—રંગ, સ્વાદ અને વાસ વગરનું, પ્રવાહી, આરપાર દેખાય તેવું, પોતાનામાં વસ્તુને ઓગાળનાર, પ્રાણી અને વનસ્પતિને ઉપયોગનું ને ફાયદાકારી છે.

પાણી ક્યાં હોય છે ? **તળાવ, કુવા, નદી વાવ વગેરેમાં હોય છે**

ઉપયોગ—પાણી પીવાના રાંધવાના, નહાવાના લુગડાં ધોવાના, આગ ઓલવવાના, રસ્તાપર છંટકાવ કરવાના, ને વનસ્પતિને ઉગાડવાના વગેરે ઘણાજ કામમાં આવે છે,

છોકરાઓ, ખરાબ ગંધાતું પાણી પીવું નહિ. પણ **સ્વાદ**

વાસ ને રંગ વગરનું ચોકખું પાણી પીવું.

વિશેષ—પાણીની કાંઇ પણ કિંમત બેસતી નથી છતાં કેટલું બધું ઉપયોગી છે? અનાજ વિના થોડા દહાડા ચાલે છે, પણ પાણી વિના ચાલતું નથી.

કાચ વિષે.

સાધન—કાચનો પ્યાલો, ગોળો, જુદા જુદા રંગના કાચના કડકા ચાક, સ્લેટ, પીતળનો પ્યાલો, રેશમી કપડું, પાણી, દુધ વગેરે.

આપણે કાચની પછવાડે લાલ, પીળો, લીલો, ધોળો, કાળો, નારંગીઓ, આસમાની, જાંબુઓ, વગેરે જુદા જુદા રંગોના કાગળો મુકીશું, તો તેવા રંગનો કાચ દેખાશે; પણ તે કાગળો લઇ લેશું તો કાચનો બિલકુલ રંગ જણાશે નહિ. માટે પાણીની પેઠે કાચ પણ રંગ વગરનો છે.

જેમ પાણીમાં જેવા રંગો નાંખીએ, તેવા રંગનું પાણી દેખાય છે, તેમ કાચ બનાવતી વેળા જુદા જુદા રંગો નાંખવાથી જુદા જુદા રંગનો કાચ બને છે.

તમે બિલોરી કાચને આંખ આડો રાખીને જુઓ. વાહ ! આ તો લાલ, લીલો, પીળો, ભૂરો, વાદળી, નારંગીઓ અને જાંબુડીઓ રંગ દેખાય છે.

તમે રેશમી રૂમાલ અને [illegible] ઉપર હાથ ફેરવો. બંને લીસા લાગે છે. સ્લેટ ઉપર હાથ ફેરવો લીસી લાગતી નથી.

રેશમ અને પીંછાં ઉપર હાથ ફેરવો. સુંવાળું લાગે છે. હવે કાચના ગોળા ઉપર હાથ ફેરવો. લીસો લાગે છે.

છોકરાઓ, કાચ કેવો છે? લીસો છે.

બીજી ચીજો કઈ કઈ છે ! રેશમ, મખમલ, બનાત, પીંછાં, આરસપહાણ, કાગળ, રબ્બરના દડા, રૂ, નેતર, અબરખ વગેરે રૂપિયાને અને કાચને તડકે રાખીએ તો ? **ચળક ચળક થાય છે.** ત્યારે કહો, કાચ કેવો છે ? **ચળકતો છે.**

કાચના પ્યાલામાં પાણી અને દૂધ નાખીને જુઓ ? બંને દેખાય છે. ચાક નાંખીને જુઓ ? ચાક દેખાય છે.

પીતળના પ્યાલામાં પાણી, **દુધ ને ચાક** જુદા જુદા નાંખીને જુઓ ? એકે ચીજો દેખાતી નથી.

આંખ આડો કાચ રાખી જુઓ ? જુદાજુદા પ્યાલાદેખાય છે. પણ અંદરની ચીજો દેખાતી નથી. શા કારણથી દેખાતી નથી ?

પીતળના પ્યાલામાં આરપાર દેખાતું નથી માટે.

સ્લેટમાં લખીને તેના ઉપર કોરો કાગળ નાંખી વાંચો ?

વંચાતું નથી. શા કારણથી વંચાતું નથી ?

કાચની પેઠે કાગળમાં આરપાર જણાતું નથી માટે.

આરપાર ન દેખાય તે કેવું કહેવાય ? **અપારદર્શક કહેવાય.**

આરપાર દેખાય તે કેવું કહેવાય ? **પારદર્શક કહેવાય.**

શેમાં આરપાર દેખાતું નથી ? સ્લેટ, લુગડું, કાગળ, વિગેરે ઘણી ચીજોમાં આરપાર (સોંસરમોંસર) દેખાતું નથી.

આરપાર શેમાં દેખાય છે ? પાણીમાં અને કાચમાં.

કાચને ભોંયે પછાડીએ તો ? પછાડવાથી કાચ ભાંગી જાયછે. પૈસાને પછાડીએ તો ? નથી ભાંગતો, શા કારણથી પૈસો નથી ભાંગતો ? **કાચ** બરડ છે, અને પૈસો બરડ નથી માટે.

કાચ, પતાસું, પેન અને પાટીને પછાડે ? તે બધા બરડ હોવાથી ઝટ ભાંગી જાય છે.

કઇ ચીજો ઝટ ભાંગતી નથી? પાણો, લોઢું, લાકડું ઝટ ભાંગે નહિ એ કેવું કહેવાય? નક્કર કહેવાય.

કાચ કેવો કહેવાય? બરડ કહેવાય.

કેમ? કાચને પછાડવાથી ઝટ ભાંગી જાય છે માટે.

કઈ ચીજો બરડ છે? કાચ, માટીનાવાસણો, પેન, સ્લેટ, પત્થર

કાચના ગુણ—લીસો, કઠણ, આરપાર દેખાય તેવો બરડ, રંગ વગરનો ચળકતો અને ઉપયોગી છે.

ઉપયોગ—કાચની શીશીઓ, સીસા, પ્યાલા, ચસ્મા, હાંડીઓ, ગોળા, ફાનસ, ઝુમર, દર્પણ, તખ્તા, ચીમનીઓ, પીચકારી, તરેહ વાર બંગડીઓ, વગેરે ઘણી ચીજો બને છે. વળી કાચને બારી બારણામાં પણ જડે છે. એ રીતે કાચ ઘણા કામમાં આવે છે.

તમે જાણ્યું હશે, કે કાચ બરડ હોવાથી ઝટ ફુટી જાય છે. તેટલા માટે તેને ઘણીજ સંભાળથી સાચવી રાખવામાં આવે છે.

માટીનું વાસણ.

સાધન—પાણો, માટીનો મોરીઓ, વાદળી, નેતર, કાચનો પ્યાલો, લાકડું, બ્લોટીંગ, ચામડું વગેરે.

તમે માટીના મોરીઆમાં અને કાચના પ્યાલામાં ચાક ભરો. હવે તે બંનેને બહારથી જુઓ? કાચમાંથી ચાક દેખી શકાય છે, પણ મોરીઆમાંથી ચાક દેખી શકાતો નથી.

કેમ દેખી શકાતો નથી? કાચ પારદર્શક છે, અને માટીનુ વાસણ અપારદર્શક છે માટે.

માટીના કોરા વાસણમાં પાણી રેડો? પાણી પી ગયું.

વાસણુ નીચેની જમીન જુઓ ? **જમીન ભીની થએલી છે. સાથી ભીની થએલી છે ? ખબર નથી.**

જુઓ, માટીના વાસણોમાં એવાં ઝીણાં કાણાં હોય છે, કે તે કાણા આપણે દેખી શકતા નથી. પણ પાણી ભરવાથી તે ઝીણાં કાણા વાટે બહાર ઝમે છે, એટલે જમીન ભીની થાય છે. તેથી **માટીના વાસણો છિદ્રાળુ ગુણવાળા** કહેવાય છે.

માટીના વાસણમાં પાણી શાથી ચુસાઇ જાય છે ? માટીના વાસણો છિદ્રાળુ છે માટે. માટી કેવી છે ? છિદ્રાળુ છે.

છિદ્રાળુ એટલે શું ? જેમાં દેખાય નહિ, તેવા ઝીણાં કાણાં હોય તે.

નેતરના કટકાને પાણીમાં બોળી ચૂંસો ? પાણી મોમાં આવે છે. **વાદળીને** પાણીમાં નાંખો ? પાણી ચુસી લીધું.

શાહીથી લખેલા કાગળ ઉપર **બ્લોટીંગ દાબો** ? શાહી ચુસી જાય છે. **શા કારણથી ? આ બધી ચીજો છિદ્રાળુ છે માટે.**

કાચ અને લાકડાને પાણીમાં નાંખો ? પાણી ચુસતાં નથી. **કેમ** ? તે છિદ્રાળુ નથી માટે.

છિદ્રાળુ ચીજો કઇ કઇ છે ? ગરણું, વાદળી, બ્લોટીંગ કાગળ. માટી, નેતર, જારનો રોટલો, ભુખરવો પાણો, ઈંટ વગેરે.

છોકરાઓ આપણી ચામડીમાં પણ ઝીણાં છિદ્રો ઘણાં હોય છે. તે છિદ્રો વાટે પરસેવો બહાર નીકળે છે.

લ્યો, આ દડાને દાબો ? **પોચો** છે. નળિયાને દાબો ? **કઠણ** લાગે છે. માટીના વાસણો કેવાં છે ? કઠણ છે.

તમે ગોરીઓ, ચામડુ, ને લાકડાને ઉંચેથી પડતાં મૂકો ? ગોરીઓ ફુટી ગયો, પણ બીજી ચીજો ભાંગી નહિ.

કઈ ચીજો પડતાં ભાગી જાય છે? કાચ. પતાસું, પેન, સ્લેટ વગેરે.

ત્યારે માટીનું વાસણ કેવું છે? બરડ છે.

ગુણ—માટીના વાસણ છિદ્રાળુ બરડ, કઠણ, અપારદર્શક, ટકોરો મારતાં અવાજ કરે તેવું અને ઉપયોગી છે.

માટીના આકારો કેવા થાય છે? તે ચીકણી હોવાથી તેના જેવા આકારો કરવા હોય, તેવા આકારો થઈ શકે છે.

માટીના વાસણો શી રીતે બનાવે છે? માટીમાં પાણી રેડી ગારો કરી ખુબ ખુંદી ચીકવે છે. પછી જેવું વાસણ કરવું હોય, તેટલો માટીનો લોંદો લઇ ચાક ઉપર મૂકી કાચો ઘાટ કરે છે. પછી કુંભાર લોઢા માટીના વાસણ ઘડવાનું ઓજાર લઇ પાકો ઘાટ બનાવે છે.

કાચાં વાસણો વાપરી શકાય? ના.

શા માટે વાપરી ન શકાય? કાચાં છે માટે ભાંગી જાય.

વાસણો કયારે વાપરી શકાય? ભઠ્ઠીમાં પકવે ત્યારે.

ન પકવે તો! કાચાં હોવાથી તરત ભાગી જાય.

માટીના કયા કયા વાસણો થાય છે? મોરીઓ, માટલા, ગોળા, કથરોટ, તાવડી, બતક, ચંબુ, રામપાતર, કોડીઆ હાલ્લાં, દોણાં, કુંજો બરણી, વાડકા વગેરે ઘણાંજ થાય છે.

ઉપયોગ—માટીના વાસણો અનાજ ભરવાના, રાંધવાના અને પાણી ભરવાના વગેરે ઘણાજ ઉપયોગમાં આવે છે. માટીના વાસણો કાચની પેઠે ઝટ ફુટે તેવો હોવાથી સાચવવાની જરૂર પડે છે.

આપણા દેશના કુંભારો હાલ જે માટીના વાસણો ઓછી સમજને લીધે કાળાં અને નઠારાં બનાવે છે. પરંતુ જો તેઓ ધોળી માટીમાં બાળેલા ચકમકનો ભૂકો નાખી સફાઇથી

ખુબ મસળે અને પકવ્યા પહેલાં વાસણના કાચા ઘાટને **ભીઠાના પાણીમાં બોળી** પકવે, તો ઘણાજ સુંદર, સફાઇદાર અને ચળકતા વાસણો બનાવી શકે.

રેતી અને માટી વિષે.

સાધન—પાણી, જુદા જુદા **રંગની રેતી** અને **માટી.**

રેતી—એ ચકમક જેવા પથરા ઉપર વરસાદ અને હવાની અસર લાગવાથી તે ઘસાઇને તેની **રેતી** બને છે. અને માટી એ સ્લેટ જેવા પથરા ઉપર વરસાદ અને હવાની અસર લાગવાથી તે ઘસાઇને **માટી** બને છે.

રેતીના ઢગલામાં પાણી નાંખો? રેતી છિદ્રાળુ હોવાથી પાણી ચુસાઇ ગયું.

રેતીનો લોદો બને છે. પણ તેને જરાક અડવાથી ભાંગી જાય છે. કારણ કે રેતીમાં ચીકાશ ન હોવાથી **માટીની પેઠે તેનો ચીકણો લોંદો થતો નથી.**

રેતીના ગુણ—**જુદા જુદા રંગની, કરકરી, તેનો ચાકડો હોય તો પોચું લાગે તેવી. ઉંચેથી રેડતાં ધાર થાય તેવી, ચીગળે નહિ તેવી, વજનમાં ભારે, નોખા નોખા કણ જેવી મુઠીમાંથી સરી જાય તેવી, શીસી શોષક અને ઉપયોગી છે.**

માટી—**કાળી, રાતી** (ગેરૂ) **ધોળી અને પીળી એમ ચાર જાતની** હોય છે. તે જમીનમાંથી ખોદી કાઢવામાં આવે છે. વૈરાંઓ અને કુંભાર લોકો ગામની બહાર જ્યાં માટીની ખાણો હોય છે ત્યાંથી ખોદી લાવે છે.

મીઠું અને માટી પાણીમાં નાખીશું, તો મીઠું પાણીમાં ઝટ ભળી જશે. પણ મીઠાની પેઠે માટી પાણીમાં ઝટ ભળી જશે નહિ.

સુકી માટી કઠણ અને પછાડવાથી ઝટ ભાંગી જાય તેવી છે, અને ભીની માટી નરમ, ચીકણી અને પોચી છે,

માટીનું ઢેકું પાણીમાં નાંખો ? માટી છિદ્રાળુ હોવાથી પાણી ચુસી ગયું.

માટી—રંગે રાતી, કાળી, પીળી અને ધોળી છે, તેમ

રેતી—ધોળી, કાળી અને રાતી છે.

માટી—ખેતરો, ખાણુ વગેરે જગાએથી મળે છે, તેમ

રેતી—નદી અને દરિયા કાંઠેથી મળે છે.

માટી તથા રેતી વજનમાં ભારે અને છિદ્રાળુ છે.

માટીને પલાળવાથી ચીકણી બને છે, પણ સુકી માટી ચીકાસદાર નથી, પણ રેતીને પલાળીએ તો ચીકણી થતી નથી.

માટી પાણીમાં ઓગળે છે, પણ રેતી ઓગળતી નથી.

માટી ચીકણી હોવાથી તેના જુદા જુદા ઘાટના વાસણો થાય છે, પણ રેતીના વાસણો બની શકતાં નથી.

માટી પાણીને ડોહોળું કરે છે, પણ રેતીથી પાણી ડોહોળું થતું નથી.

રેતીની પાળ કરવાથી પાણી જતું રહે છે, પણ માટીની પાળ કરવાથી પાણી જતું રહેતું નથી.

માટી ચણતરના કામમાં આવે છે, તેવી રેતી આવતી નથી.

માટીવાળી જમીન ઝાડ પાનને જેટલી ઉપયોગી છે, તેવી રેતાળ જમીન ઉપયોગી નથી.

માટીનાં રજકણો ઝીણાં હોય છે, અને **રેતીનાં રજકણો** મોટાં અને દેખાય તેવાં હોય છે.

માટીનો ઉપયોગ—કાળીમાટી—વાસણ, ઇંટો, કોઠીઓ, નળિયા વગેરે બનાવવાના કામમાં આવે છે. **ધોળીમાટી**—બરણીઓ તથા પકવેલા વાસણો બનાવવાના કામમાં આવે છે; અને **રાતી** માટી—લીંપવામાં, તથા બીજા વાસણો ઉપર રંગ ચડાવવાના કામમાં આવે છે.

રેતીનો ઉપયોગ—ચુનામાં ભેળવવામાં, વરસાદમાં કીચડ ન થાય માટે શેરી કે ફળીઆમાં પાથરવામાં, સડકોપર છાંટવામાં, કલાકની શીશીમાં, આરસપહાણ વહેરવામાં, દાણા ન સડે માટે તેમાં નાંખવામાં, અને સોપારી, ચણા સેકવાના કામમાં આવે છે. અને કાળી રેતી એ શાહીથી લખેલા અક્ષરોપર નાંખવામાં વપરાય છે.

નળિયા વિષે.

સાધન—કાચાં તથા પકવેલાં નળિયાં, નળાકારની ચીજો, બે ભેગાં મળેલા નળિયાનું જોડકું વગેરે.

છોકરાઓ, તમે નળિયું હાથમાં લઈ તપાસીને કહો ?

નળિયું—એને જોઈએ તો, ભુખરા લાલ રંગનું જણાય છે. હાથ ફેરવવાથી **ખડબચડું** લાગે છે. તેમાં **આરપાર** દેખાતું નથી. ટકોરો મારતાં **અવાજ** થાય છે દાબવાથી **કઠણ** દેખાય છે, પરંતુ પછાડવાથી ઝટ ભાગી જાય છે, માટે બરડ છે. તેમાં પાણી નાંખીએ. તો નીચે ઝમે છે, માટે તે **છિદ્રાળુ** છે. હાથમાં લઈએ, તો વજનમાં **ભારે** લાગે છે. ભાંગવાથી **ભુકા** થઇ શકે છે.

નળિયા બનાવવાની માટી—કુંભાર લોકો કાંકરા વગરની કાળી **ચીકણી માટી** લાવે છે. પછી તેમાં પાણી નાંખી ખુબ

મળવા દે છે. એ પમળેલી માટીને પગ વડે ખુબ ખુંદી ચીકવે છે. જો આવી માટીના નળિયા બનાવે, તો સુકાતાં તરડાઇ ફાટી જાય છે; માટે તેમાં ચાળેલી રાખ અને લાદ નાંખી ખુબ ખુંદીને માટી સાથે એક રસ કરી દે છે. તેને સુંવાળી ને ચીકાસદાર કરવા માટે કેળવેલી માટીનો ઢગલો કરી હાથ વતી ફાંસી ફાંસીને ચીકવે છે. તે સુકાઇ ન જાય, માટે તેના ઉપર ભીનું લુગડું ઢાંકે છે.

આ લાકડાનું શું છે? એ તો માટીના વાસણો બનાવનાનું પૈડા જેવું ફેરવવાનું ચાકડું છે. લગ્નના પ્રસંગે બૈરાંઓ ચાક વધાવવા માટે જાય છે.

નળિયાની બનાવટ—એ પ્રમાણે તૈયાર કરેલી માટીના લોદા લઇ ચાક ઉપર મુકે છે. પછી તે ચાકને ફેરવીને હાથ વતી માટીના લોદાનો વચમાંથી પોલો નળાકાર જેવો ને નીચેથી પહોળો તથા ઉપરથી સાંકડો આકાર બનાવે છે. એ તૈયાર થયેલા આકારને ચાક ઉપરથી ઉતારી થોડી વાર સુકાવા દે છે. પછી તેના વચમાંથી ચપા જેવી લોઢાની પાટીથી ઉભી બે ફાડ કરે છે, એટલે નળિયા જેવો આકાર બની રહે છે.

બેગાં મળેલાં નળિયાનાં જોડકાંનો આકાર કેવો છે? ઉપરથી સાંકડું, નીચેથી પહોળું ને વચમાંથી પોલું છે.

આવાં નળિયાં વપરાય? ના. વપરાય નહિ. કારણ કે કાચાં હોવાથી ઝટ ભાંગી જાય.

નળિયાં વાપરવા જેવાં ક્યારે થાય? ભઠીમાં પકવે ત્યારે.

કેવી રીતે પકવે છે? એક થર નળિયાંના ગોઠવે છે, અને તેના ઉપર ઘાસ પુંજા વગેરેના બીજા થરો ગોઠવે છે. એમ ઉપરા છપરી ચાર પાંચ થર ગોઠવી તેને સળગાવે છે, એટલે નળિયાં તૈયાર થાય છે.

ગુણ—ભુખરા લાલરંગનું, કઠણ, બરડ, ખરસટ, છિદ્રાળુ, અ-પારદર્શક, ઉનું ને ટાઢું થાય તેવું, ભાંગવાથી ભુકો થાય તેવું, વજનમાં ભારે, ટકોરો મારતાં અવાજ થાય તેવું, અને ઉપયોગી છે.

નળીઆ શામાટે બનાવે છે? છાપરા ઉપર ઢાકવા માટે.

ન ઢાંકે તો? વરસાદનું પાણી ઘરમાં પડે, તેથી નુકસાન થાય

પતરાં ઢાંકે તો? તપી જાય. વળી પૈસા પણ વધારે બેસે.

છાપરા ઉપર નળીયાં કેવી રીતે ઢાંકે છે? ચતાં ઢાંકી તેના ઉપર બીજા ઉંધા પાડી ઢાંકેછે. એટલે અવળા સવળા ઢાંકે છે.

બધાં ચતાં ઢાંકે તો? ઉઘાડા રહેવાથી ચુવા થઈ વરસાદનું પાણી ઘરમાં જાય. વળી ધુળ ખુબ ભરાય ને ખસી જાય.

બધા ઉંધા ઢાંકે તો? વરસાદનું પાણી જઈ શકે નહિ. ત્યારે સમજ્યા? એટલા માટેજ છાપરા ઉપર અવળા સવળા નળી-યા ગોઠવે છે, એટલે ચુવા થતા નથી.

નળીયાં પાછળથી પહોળા, અને આગળથી સાંકડા કરવાનું શું કારણ? જો આવો ઢાળવો ઘાટ ન કરે, તો વરસા-દનું પાણી જઇ શકે નહિ. તેટલા માટે આવો ઘાટ કરે છે.

વિલાયતી નળિયાં તમે જોયાં છે? હા. સ્ટેશનમાં અને ઘણે ખરે ઠેકાણે છાપરા ઉપર **વિલાયતી નળિયા** ઢાંકે છે. **વિલાયતી નળિયાનો આકાર કેવો છે?** દેશી નળિયાં જેવો એનો આકાર નથી. એતો ત્રણ હથેળી જેટલાં પહોળાં જણાય છે.

ઉપયોગ—છાપરા ઉપર ઢાંકવાના કામમાં આવે છે. વ-ળી કોઇ કોઇ ઠેકાણે કુવાના કાંઠા બાંધવામાં નળિયા વાપરે છે. એ નાળો સોગી કરી ઢીવી જેવું બનાવી કામમાં લેછે.

નારંગીઆ, લીલા અને જાંબુઆ રંગની ઓળખાણ.

સાધન--કંકુ, હળદર, લીંબુ, ગળી, નારંગીફળ અને જાંબુડા.

છોકરાઓ, મૂળ રંગ કયા કયા છે? **રાતો, પીળો અને વાદળિ.**

રાતો રંગ કયો? લોહીનો, પાકાં મરચાંનો, ચણીબોરનો, પોપટની ચાંચનો અને કંકુનો.

પીળો રંગ કયો? હળદર, કેસર, પાકાં લીંબુ અને સોનાનો.

વાદળિ રંગ કયો? આકાશ, ગળી ને મોરની ડોકનો. જુઓ, આ નારંગી ફળ છે. કહો, તેનો આકાર કેવો છે? **ગોળ.** ગોળ આકારની ચીજો કયા કયા છે? **લીંબુ, દડા, લખોટા, કોઠું કાચના ગોળા** વગેરે.

નારંગીઓ રંગ કેવી રીતે બને છે? ૩ ભાગ રાતામાં ૫ ભાગ પીળો ભેળવવાથી.

વાળનો રંગ કેવો છે? **કાળો.**

શાહી અને મશનો રંગ કેવો છે? કાળો.

ત્યારે જાંબુડા વાળ જેવા કાળા રંગના છે? **ના.**

જાંબુડાનો રંગ કેવો છે? **જાંબુઓ.**

જાંબુઓ રંગ શી રીતે થાય છે? **રાતા જેટલો વાદળિ ભેળવવાથી.**

ઝાડના પાંદડાનો રંગ કેવો છે? **લીલો.**

લીલો રંગ કયો? **ઝાડનાં પાંદડા, કાચી કેરી, લીલા મરચાં વગેરે.**

લીલો રંગ કેવી રીતે બને છે? **૮ ભાગ વાદળી રંગમાં ૫ ભાગ પીળો રંગ ભેળવવાથી.**

લીલો રંગ આંખને સારો ગમે છે, **અને વાદળ રંગ** આંખને ઠંડક આપે છે.

કહો, આ બધા રંગો કેવા કહેવાય? **મિશ્ર રંગો કહેવાય.**

મિશ્ર રંગો કેમ કહેવાય? બીજા રંગની મેળવણી કરવાથી નારંગીઓ, લીલો અને જાંબુઓ રંગ થયો માટે

કયા કયા મિશ્ર રંગ નથી? રાતો, પીળો અને વાદળી.

તે રંગો શાથી થયા? એતો મુળથીજ ત્રણે રંગો છે.

અને તે કોઈ પણ રંગની મેળવણીથી થએલા નથી.

જુઓ, ૩ ભાગ રાતો અને ૫ ભાગ **પીળો** રંગ મેળવવાથી **નારંગીઓ** રંગ બને છે, અને રાતા જેટલો **વાદળી** મેળવવાથી **જાંબુડીઓ** રંગ બને છે. અને ૮ ભાગ **વાદળી** અને ૫ ભાગ **પીળો** મેળવવાથી **લીલો** રંગ બને છે.

ઉપયોગ—માણસો રંગથી કપડાં રંગે છે. તે કપડાં સુંદર દેખાય છે. જો રંગેલું કપડું પાણીમાં બોળતાં રંગ ઉડી જાય, તો તે **કાચો** રંગ કહેવાય છે. પણ એવો ને એવો રંગ રહે, તો તે **પાકો રંગ કહેવાય છે.** હાલમાં વિલાયતી રંગો ઘણા આવે છે. તે રંગો ઝાડનાં મુળ, છાલ વગેરેમાંથી બનાવે છે.

પોલાદ લોઢું ચપ્પુ.

સાધન—ચપ્પુ, સોય, તાર, લોઢાનો ખીલો, કુહાડો, સીસાપેન અને લોઢાનો કકડો વગેરે.

જુઓ, આ **લોઢાનો** કકડો છે. લ્યો, તેનાથી સીસાપેન છોલી અણી કાઢો? સીસાપેન છોલાતી નથી, તો અણી શી રીતે નીકળે **ખીલાથી છોલો?** છોલાતી નથી.

કેમ છોલાતી નથી? તે બંનેને ધાર નથી માટે.

ત્યારે શેનાથી છોલાય? **ધારવાળાં ઓજારોથી.**

ધારવાળાં ઓજારો કયા કયા છે? **તરવાર, બરછી, છરી, છરો, કાતર, વાંસલો, રંદો, કરવત, સુડી, ચપ્પુ, અસ્ત્રા** વગેરે.

ખીલાને ધાર કાઢીએ તો છોલાય? ના

કેમ ન છોલાય? તેની ધાર ચપ્પા જેવી નીકળતી નથી માટે.

ચપ્પા **જેવી ધાર કેમ નીકળતી નથી?** ખબર નથી. જુઓ, લોઢું જુદી જુદી જાતનું હોય છે. **પોલાદ** લોઢું ને બીજું **ભરતર** લોઢું.

ભરતર લોઢાનું પોલાદ લોઢું બનાવી તેના ધારવાળાં ઓજારો કરે છે, અને બીજી ચીજો ભરતર લોઢાની કરે છે.

જો ભરતર લોઢાનાં ધારવાળાં ઓજારો બનાવે, તો મજબુત ન હોવાથી ટકે નહિ ને ભાંગી જાય.

કુહાડો શા કામમાં આવે છે? લાકડા ફાડવાના કામમાં.

ચપ્પુ લઇ લાકડા ઉપર મારો? આતો ધાર ખરી પડી.

કેમ ધાર ખરી પડી? ધાર ઝીણી છે માટે.

કુહાડાની ધાર આવી ઝીણી કરે તો? ધાર **ખરી પડે ને લાકડા કપાય નહિ.**

લાકડાં છોલવા હોય, તો કેવી ધાર જોઇએ? ઝીણી ધારવાળા ઓજારો જોઇએ.

સોયને ભાંગીએ તો? ભાંગી જાય. ચપ્પાનું પાનું ભાંગીએ તો? ભાંગી જાય. ખીલો ભાંગે છે? ના.

કેમ નથી ભાંગતો? તેની ધાર ઝીણી નથી માટે. ત્યારે સમજ્યા બીજા લોઢા કરતાં ચપ્પુ ને સોયનું લોઢું જુદી જાતનું છે.

ચપ્પુ હાથમાં લઇ દરેક જણ તેના જુદા જુદા ભાગ કહો? આ ચપાનો હાથો કહેવાય છે. આ જડ દીધેલી છે. આ પાનું છે, આ ચપ્પાની અણી છે.

ચપ્પાનું પાનું શાથી ચળકે છે? કારીગર લોકોએ સરાણ ઉપર ચડાવી તેની ધાર કાઢી ઓપ દીધો છે માટે.

લ્યો, લોઢાનો કકડો ને ચપ્પું હાથમાં લઇ સરખામણી કરો? લોઢું કાળું છે. લોઢાનો કકડો ચળકતો નથી, અને ચપ્પાનું પાનું ચળકે છે.

લોઢાનો કકડો કાપી શકતો નથી, અને ચપ્પાનું પાનું કાપી શકે છે. લોઢામાં મોઢું જણાતું નથી, ને ઓપ દીધેલા ચપ્પાના પાનામાં મોઢું જણાય છે.

ગુણ—લોઢું કઠણ, ઓપે તો ચળકે એવું, ધાર નીકળે એવું, નક્કર, રણકો વાગે એવું, તોલદાર, (ભારે) તાપમાં ઓગળે એવું, રંગે કાળું, ભુરું, ઓપ દીધાથી મ્હોં જણાય એવું, પતરા ને તાર થાય તેવું, ચીકણું ને સ્થિતિસ્થાપક છે.

ઉપયોગ—લોઢાનાં તરેહવાર યંત્રો, હથિઆરો અને ખેતીના ઓજારો વગેરે ઘણી ચીજો લોઢાની બને છે. બધી ધાતુઓમાં લોઢું ઘણુંજ ઉપયોગી છે.

ખારૂં, તીખું ને કડવું (સ્વાદની ઓળખાણ).

સાધન—મીઠું, ખારો, સિંધવ. જવખાર, ગોળ, ખાંડ, ચાક, લીંબડાના પાન, લીંબોળીઓ, કરીઆતું, કારેલું, કોયદાન, આદુ, તીખાં, લવીંગ, લાલ મરચા, ગંઠોડા વગેરે.

જુઓ, આ સિંધવનો કકડો, મીઠું, ખારો, જવખાર અને ચણાનો ખાર છે. એ બધાં ચાખી જુઓ ? આ બધી ચીજો ચાખવાથી ખારી લાગે છે.

ખાંડ ચાખો ? ગળી લાગે છે. ખાંડનો રંગ કેવો છે ? ધોળો મીઠાનો રંગ કેવો છે ? ધોળો

ધોળા રંગની ચીજો કઇ કઇ છે ? રૂ, ધોળો કાગળ, રૂપું કપુર, ચાક, દૂધ, દહીં, ધોળા લુગડાં વગેરે.

ખાંડ ને મીઠું શેમાં સરખા છે ? રંગમાં.

શેમાં જુદા છે ? સ્વાદમાં શાથી જાણ્યું ? ચાખી જોવાથી મીઠાનો સ્વાદ ખારો છે, અને ખાંડનો સ્વાદ ગળ્યો છે.

ચાકનો રંગ કેવો છે ? ધોળો. તેનો સ્વાદ ગળ્યો છે ? ના. કડવો છે ? ના. તીખો છે ? ના. ખારો ? ના. ખાટો છે ? ના. ત્યારે સ્વાદ કેવો છે ? સ્વાદ વગરનો છે.

ખારા સ્વાદની ચીજો કઇ કઇ છે ? મીઠું, સિંધવ, ખારો, સોડા, ચણાનો ખાર અને જવખાર વગેરે.

ખારા સ્વાદની શું જરૂર છે ? તેના વગર ખાવાનું બહુજ મોળું મોળું લાગે છે.

ગોળનો રંગ કેવો છે ? રાતો. આ સુકા મરચાંનો રંગ કેવો છે ? રાતો.

બંને ચાખી જુઓ ? ગોળનો સ્વાદ ગળ્યો છે, અને લાલ મરચાંનો સ્વાદ તીખો છે.

બંને શેમાં શરખા છે ? રંગમાં. શેમાં જુદા છે ? સ્વાદમાં

ગળ્યા સ્વાદની ચીજો કઇ કઇ છે ? **ખાંડ સાકર, ગોળ.**

તીખા સ્વાદની ચીજો કઇ કઇ છે ? **લાલ મરચાં, આદુ, લવીંગ, તીખાં, તજ, સુંઠ, અકલકરો** વગેરે.

જુઓ, આદુ અને લીલાં મરચાં તીખાં હોય છે. તે સુકાયા પછી પણ તીખા રહે છે.

તીખા સ્વાદની શું જરૂર છે ? તીખાં સ્વાદની મીઠાશ સારી આવે છે. વળી સુંઠ, લવીંગ, તીખાં, ગંઠોડા, અકલગરો વગેરે દવાના કામમાં સારો ફાયદો કરે છે.

આ શું છે ? **કારેલાં અને લીંબડાના લીલાં પાન.**

બંને ચાખી જુઓ ? **બંનેનો સ્વાદ કડવો છે.**

શેમાં સરખાં છે ? **રંગમાં ને સ્વાદમાં બંને સરખાં છે.**

કાચી કેરી ચાખો ! **સ્વાદ ખાટો છે.**

શેમાં સરખાં છે ? **રંગમાં.** શેમાં જુદા છે ? **સ્વાદમાં.**

લીંબુને આંબલી ચાખો ? **ખાટા સ્વાદના છે.**

શેમાં સરખાં છે ? **સ્વાદમાં.** શેમાં જુદા છે. **રંગમાં.**

કડવા સ્વાદની ચીજો કઇ કઇ છે ? કારેલાં, કરીયાતું, કાયફળ, કાચકાના ગોળા, કડુ, મેથી, ઇંદ્રજવ, નીંબોળી, ગળો, લીંબડાનું પાન વગેરે. લ્યો, આ **બદામ, આરિયું, તુરિયું.** જુદા જુદા ચાખો ? બધા કડવાં છે. હવે આ બધાં ચાખી જુઓ ? આ બધાં **મીઠાં છે.**

ત્યારે હવે સમજ્યા. **ચીભડું, જીસોડું, બદામ,** વગેરે સ્વાદમાં **મીઠાં** હોય છે, અને કોઇ કડવા સ્વાદનાં હોય છે.

કડવા સ્વાદની ચીજોની શું જરૂર પડે છે ? દવાના કામમાં આવે છે. વળી શાકની ચીજોમાં તેલ, મરચાં, **આંબલી, ગોળ ને** મીઠું નાંખવાથી **કડવાશ ઓછી લાગે છે.**

સ્વાદ કેટલી જાતના છે ? ખારો, ખાટો, તીખો, કડવો, ગળ્યો, તુરો એમ ૭ જાતના સ્વાદ છે.

હિંદનું બ્રિટિશ ચલણી નાણું (સોનું, રૂપું તાંબું.)

તાંબા વિષે.

સાધન—પાઇ, અધેલો, પૈસો, ઢબુ, તાંબાનો ચળકતો લોટો અને તાર.

છોકરાઓ જુઓ, આ શું છે ? પાઇ છે. એનો આકાર કેવો છે ? O ગોળ છે.

ગોળ આકારના નામ દો ? રબરનો દડો, લાકડાનો ગોળો કાચના ગોળા, લીંબુ વગેરે.

આ શું છે. ? પૈસો છે. પૈસાનો આકાર કેવો છે. ગોળ. કેટલી પાઇઓ ભેગી કરીએ ત્યારે પૈસો થાય ? ૩ પાઇઓ.

આ શું છે ? અધેલો છે. પાઇ જેવડો છે ? ના.

અધેલો પાઇથી જરા મોટો છે.

૧ પૈસાના કેટલા અધેલા આવે ? ૨

આ શું છે ? ઢબુ છે. તે પૈસા જેવડો છે ? ના

પૈસાથી ઢબુ વધારે મોટો છે. ઢબુના કેટલા પૈસા આવે ૨

ઢબુના અધેલા કેટલા આવે ૪

ઢબુની પાઇઓ કેટલી આવે ? ૬

પાઇથી ઢબુ કેટલા ગણો છે ? ૬ ગણો છે.

પાઇથી પૈસાની કિંમત કેટલા ગણી છે ? ૩ ગણી છે.

પાઇથી અધેલો કેટલા ગણો છે? ૧ાા ગણો છે.
અધેલાથી ઢબુની કિંમત કેટલા ગણી છે? ૪ ગણી છે.
પૈસાથી ઢબુ કેટલા ગણો છે? બમણો છે.
પાઇથી ૧ આનીની કિંમત કેટલા ગણી છે? ૧૨ ગણી.
અધેલાથી ૧ આનીની કિંમત કેટલા ગણી છે? ૮ ગણી.
પૈસાથી ૧ આનીની કિંમત કેટલા ગણી છે? ૪ ગણી.

છોકરાઓ ૧૨ પાઇ સાચવવા કરતાં ૧ આની સાચવવાને સુગમ પડે છે. લ્યો, આ પૈસાના જેવડાં તાંબાના કકડાના કાગળ લાવો. આવા કકડાના કાગળ આપે નહિ. શા માટે ન આપે? તેના ઉપર છાપ (સિક્કો) પાડેલો નથી માટે. ત્યારે હવે સમજ્યા. તાંબાના કકડા ઉપર સિક્કો પાડે ત્યારેજ નાણું કહેવાય છે.

તાંબાનું નાણું ક્યારે થાય? તાંબાના કકડા ઉપર સિક્કો પાડે. ત્યારે તાંબાનો કકડો હાથમાં લઇ તેના ગુણ કહો?

ગુણ—તાંબા નાણાનો તથા તાંબાનો રંગ રાતો છે. પૈસો પછાડવાથી તેનો રણકો થાય છે. તાંબાને દેવતામાં નાખીએ, તો ઓગળે છે, તેની ગંધ નઠારી છે. તે ચીકણું હોવાથી ટીપાય છે, અને તેના પતરા, તાસ, ગાગર, તાંબાકુંડી, લોટા, પાટુડી, બેડા, ચરૂડી, વગેરે વાસણો થઇ શકે છે. તેમાં આરપાર જોવાતું નથી, તેથી અપારદર્શક છે. તાંબાને ઓપ દીધાથી ચળકે છે. તાંબામાં ઝટ કટાય છે.

તાંબા નાણું ક્યું કહેવાય? પાઇ, અધેલો, પૈસો, ઢબુ.

છોકરાઓ, તાંબા નાણાથી (પૈસાથી) લોઢાના કાટલાં જેવાં કે. શેર. અચ્છેર, પાશેર, નવટાંક, અધોળ વગેરેને બદલે તોળવાના ઉપયોગમાં પણ આવે છે.

૧ જુઓ, આ નિકલસન ધાતુની ૧ આની છે. બોલો તેની પાઇઓ કેટલી આવે? ૧૨, પૈસા કેટલા આવે? ૪. અધેલા કેટલા આવે? ૮ ઢબુ કેટલા આવે? ૨.

રૂપા વિષે.

સાધન--બેઆની, પાવલી, અરધો, રૂપીઓ, રૂપાનો કકડો, પતરૂં ને તાર.

છોકરાઓ, આ શું છે? રૂપાની **બેઆની** છે, અને નિકલસન ધાતુની બે આની છે.

તેનો આકાર કેવો છે? રૂપાની બે આનીનો આકાર ગોળ છે.

તેનું કદ પાઈ જેવડું છે? ના. ૧ રૂપાની બે આનીનું કદ પાઇથી નાનું છે.

કિંમત કેની વધારે છે? બે આનીની. કેમ? પાઈ, એ તો તાંબાની છે, અને **બેઆની** એતો રૂપાની છે માટે.

બે આનીની કેટલી પાઇઓ આવે? ૨૪

બે આનીના પૈસા કેટલા આવે? ૮

બે આનીના અધેલા કેટલા આવે? ૧૬

ઢબુ કરતાં બે આનીની કિંમત કેટલા ગણી છે? ૪ ગણી? ૪ ગણી કેમ? ૪ ઢબુ ભેગા કરીએ, ત્યારે ૧ બે આની થાય માટે.

આ શું છે? **પાવલી** છે.

એનું કદ કેવું છે? પાઇથી જરા મોટું છે.

કેટલી પાઇઓ ભગી કરીએ, ત્યારે પાવલી થાય? ૪૮

પાવલીના પૈસા કેટલા આવે? ૧૬

અધેલા કેટલા આવે? ૩૨

બે આની કેટલી આવે? ૨

એક આની કેટલી આવે? ૪

આ શું છે? અડધો. અડધાનું કદ કેવું છે? પૈસાથી નાનું છે. અડધાના પૈસા કેટલા આવે? ૩૨

અડધાના અધેલા કેટલા આવે? ૬૪

પાઇથી અડધાની કિંમત કેટલા ગણી છે? ૯૬ ગણી.

કેમ? ૯૬ પાઇ મેળવીએ, ત્યારે એક અડધોરૂપિયો થાય માટે.

આ શું છે? રૂપિયો. રૂપિયાના અડધા કેટલા આવે? ૨

રૂપિયાના ઢબુ કેટલા આવે? ૩૨
કેટલા પૈસા હોય, તો એક રૂપિયો કહેવાય? ૬૪
રૂપિયાનું કદ કેવું છે? ઢબુ જેવું.
પાઇથી રૂપિયો કેટલા ગણો છે? ૧૯૨ ગણો.

તોળી જુઓ. સાહેબ? તોલમાં નહિ, એતો કિંમતમાં ૧૯૨ ગણો છે. તોલમાં શા માટે નહિ? રૂપા કરતાં તાંબાની કિંમત ઓછી છે માટે.

રૂપિયાની બે આની કેટલી આવે? ૮
રૂપિયાની એકઆની કેટલી આવે? ૧૬
કેટલી પાવલી હોય, ત્યારે એક રૂપિયો થાય? ૪
રૂપિયાના અધેલા પૈસા કેટલા આવે? ૧૨૮
રૂપિયાની પાઇઓ કેટલી આવે? ૧૯૨

છોકરાઓ, રૂપાનાણામાં ત્રાંબાનાણાનો કેટલો બધો સમાસ થાય છે? અને રૂપાનાણામાં કેવી સરલતા પડે છે?

જુઓ, આ રૂપિયાના આકારનું રૂપાનું પતરૂં છે, તે રૂપાનાણું કહેવાય કે? ના. કેમ ન કહેવાય? તેના ઉપર સિક્કો ક્યાં પાડેલો છે?

રૂપાનાણું ક્યારે થાય? જ્યારે સિક્કો પાડેલો હોય ત્યારે. રૂપાનો કકડો હાથમાં લઇ તેના ગુણ કહો?

ગુણ--રૂપાનો રંગ ધોળો છે. રૂપિયો પછાડીએ તો રણકો લાગે છે. રૂપું ચળકે છે. તેને દેવતામાં નાખવાથી ઓગળે છે. તેને ટીપવાથી ટીપી શકાય છે. ને ચીકણું હોવાથી પતરાં થાય છે. તોલમાં ભારે છે, નક્કર છે, અને ઓપ દીધાથી મ્હોં જણાય છે.

ઉપયોગ—રૂપાના સિક્કા, ઘરેણાં, જુદી જુદી જાતના વાસણો વગેરે બને છે. અને બીજી ધાતુને ઢોળ દેવામાં પણ વપરાય છે. વળી લોઢાના કાટલાંને બદલે રૂપાના સિક્કા તોળવાના ઉપયોગમાં પણ આવે છે.

સોના વિષે.

સાધન—મોહોર, સોનાની વીંટી અને સોનાનો કકડો

છોકરાઓ જુઓ, આ સોનાની મહોર છે.

૧ મહોરના કેટલા રૂપિઆ આવે? ૧૫ રૂપિયા આવે.

કેટલા અડધા રૂપિયા મેળવીએ, તો મહોર જેટલી કિંમત થાય? ૩૦ અડધા મેળવીએ. ત્યારે મહોર જેટલી કિંમત થાય.

૧ મોહારની પાવલી કેટલી આવે? ૬૦

૧ બેઆનીથી મોહોરની કિંમત કેટલા ગણી છે? ૧૨૦ ગણી.

જુઓ, ૧ મોહોરમાં કેટલું બધું રૂપાનાણું સમાય છે?

૧ મોહોરમાં કેટલી બે આનીનો સમાસ થાય છે? ૧૨૦

૧ મોહોરની આની કેટલી આવે ૨૪૦

૧ મોહોરના ઢબુ કેટલા આવે? ૪૮૦

૧ મોહોરના પૈસા કેટલા આવે? ૯૬૦

૧ મોહોરના અધેલા કેટલા આવે? ૧૯૨૦

૧ મોહોરની પાઇઓ કેટલી આવે? ૨૮૮૦

ત્યારે સમજયા. મોહોરનું તાંબાનાણું કેટલું બધું આવે છે?

સોના નાણું કયારે થાય? સોનાના પતરા ઉપર સિકકો મારે ત્યારે.

આપણા મુલકમાં કેવું નાણું ચાલે છે? તાંબાનાણું અને રૂપાનાણું ચાલે છે.

સોનાનાણું કયાં ચાલે છે? વિલાયતમાં (લંડનમાં.)

તાંબા, રૂપા ને સોના નાણાનો આકાર કેવો છે? ગોળ.

તાંબું રૂપું અને સોનું એ ચલણી નાણું કયારે કહેવાય? **તેમના ઉપર સિકકો પાડે ત્યારે.**

તમે રૂપિયો હાથમાં લઇ તપાસો. સિક્કામાં શું પાડેલું છે.!

એક તરફ અંગ્રેજી અક્ષર પાડેલા છે, ને બીજી તરફ રાજ કરનાર આપણા બાદશાહ પાંચમા જયોર્જનું મોહોરૂં છે.

આ મોહોરૂં શેનું છે? હિંદુસ્તાનમાં રાજ કરનાર આપણા બાદશાહનું છે. તમે સોનું હાથમાં લઇ તેના ગુણ કહો!

ગુણ—સોનું રંગે પીળું, દેવતામાં રસ થાય એવું, ચળકતું, રણકાવાળું, ચીકણું, પતરાં ને તાર થાય એવું, ભારે, નક્કર, વળે એવું, વરક ને પાનાં થાય એવું છે.

ઉપયોગ—સોનાનાં ઘરેણાં, સિક્કા, જાતજાતના કસબ, તથા બીજી ધાતુને ઢાળ દેવામાં પણ વપરાય છે.

તાંબું શા કામમાં આવે છે? તેનું તાંબાનાણું, ને વાસણો થાય છે.

રૂપું શા કામમાં આવે છે? તેનું રૂપાનાણું, સાદાં ઘરેણાં ને જાતજાતનાં વાસણો થાય છે.

સોનું શા કામમાં આવે છે? તેનું સોના નાણું અને તરેહ તરેહનાં ઘરેણાં, કસબ વગેરે બને છે.

સૌથી કિમતી નાણું કયું છે? સોના નાણું.

ઝાડ, છોડ અને વેલાની ઓળખાણ.

ઝાડની ઓળખાણ.

સાધન-આંબલી, વડ, લીંબડા વગેરે ઝાડો બતાવવા

છોકરાઓ, થોડાક ઝાડનાં નામ આપો? વડ, આંબલી, પીપળો, કેળ, બોરડી, ખજુરી, નાળિએરી, આંબો, રાયણ, લીંબડો, ગુંદો, પોપૈયા, તાડ, વગેરે ઘણાં છે.

જુઓ, આ કપાસ, જાર, બાજરી અને તુવેરના છોડ છે.

છોકરાઓ, તમે બધા ઉભા થાઓ. કહો, તમે બધા શેના વડે ઉભા રહેલા છો? પગવડે.

ઝાડ શેનાવડે ઉભા રહેલા છે? એના મૂળવડે.

ઝાડ શાથી ઉભા રહેલા છે? મુળવડે.

ઝાડના મૂળ ક્યાં હોય? જમીનમાં.

મૂળ–ઝાડના મુળ જમીનમાં ઘણાં ઉંડાં ઉતરી બહુ ફેલાય છે. વળી મોટા મૂળમાથી નાનાં મુળ અને તેમાંથી વળી એથી પણ નાનાં મૂળ નીકળે છે. મૂળને ફાંટા ફુટેલા હોય છે, પણ પાંદડા હોતાં નથી. મૂળ જમીનમાંના રસ ચુસી ઝાડને પહોંચાડે છે, અને તે વડેજ આખું ઝાડ ટટ્ટાર ઉભું રહે છે.

થડ—વનસ્પતિના મૂળ અને પાંદડા વચ્ચેના જાડા ભાગને થડ કહે છે. તે બહુ મોટા ને ઉંચા હોય છે. નીચેથી જાડાં ને ઉપર જતાં જરા જરા પાતળા થતાં જાય છે. મુળમાંથી આવેલો ખોરાક ઝાડને પહોંચે છે. થડના ઉપર છાલ છે. થડમાંથી ડાળા ડાળીઓ ફુટે છે, અને તે પર પાંદડાં, ફુલ ને ફળ થાય છે.

પાંદડાં—કોઇ ઝાડનાં પાંદડાં મોટાં ને કોઇનાં નાનાં હોય છે. કોઇ પાતળાં તો કોઇ જાડાં હોય છે. કોઇ પાંદડાં દવાના કામમાં પણ આવે છે.

ફળ—ઘણાખરા ઝાડને માથે ફળ થાય છે. તે આપણા ખાવાના કામમાં આવે છે. **જેવાંકે**–કેરી, દાડમ, કેળાં, પોપઇયાં, ગુંદાં, જાંબુ, ખારેક, રાયણ વગેરે.

ઝાડના ભાગ કયા કયા છે? મુળ, થડ, ડાળાં, ડાળીઓ અને પાંદડાં.

ઝાડને મુળ શા કામનું છે? મુળ વડે ઝાડ ટટ્ટાર રહે છે.

થડ શા ઉપયોગનું છે? ઝાડના બધા ભાગો (ડાળી ડાળાં) વગેરેનો આધાર છે,

ડાળી શા કામની છે ? પાંદડા, ફુલ, તથા ફળને પકડી રાખેછે.

છોકરાઓ, ઝાડને માણુસની સાથે સરખાવો.

માણુસને શરીર છે, અને ઝાડને થડ છે.

માણુસને હાથ છે, અને ઝાડને ડાળીઓ છે.

માણુસને પગ છે, અને ઝાડને મૂળ છે.

માણુસ નાનેથી મોટું થાય છે, તેમ ઝાડ પણ નાનેથી મોટું થાય છે.

માણુસમાં જીવ છે, તેમ ઝાડમાં પણ જીવ છે.

માણુસ મરી જાય છે, તેમ ઝાડ પણ મુડદાલ થાય છે.

ઉપયોગ—ઝાડને ઉગીને મોટા થતાં ઘણીજ વાર લાગે છે. ઘણાં ખરાં ઝાડ વધારે વરસ જીવે છે. સુકાએલા ઝાડનાં લાકડાં ઘર બાંધવાના અને બાળવાના કામમાં આવે છે. તેના લાકડાનાં વહાણ, ખાટલા, પાટલા, કબાટ, ખુરસીઓ, મેજ, થાંભલા, વળીઓ, પાટડા વગેરે ઘણી ચીજો બને છે.

ઝાડની હવા માણુસને બહુજ ઉપયોગી છે.

છોડની ઓળખાણ.

સાધન—તુવેર, કપાસ, અને અનાજના છોડ વગેરે.

છોકરાઓ, તમે ઝાડને ઓળખો છો, પણ છોડને ઓળખો છો ? હા સાહેબ.

થોડાક છોડના નામ દો ? મોગરો, ગુલાબ, તુવેર, કપાસ, જાર, બાજરી, ઘઉં વગેરે ઘણા છે.

ઝાડ ઉંચાં છે કે છોડ ? સાહેબ ! ઝાડ ઉંચાં છે.

છોડ તપાસી કહો, કે એમાં શું શું આવેલું છે ?

મુળ, થડ, પાતળી પાતળી ડાંખળીઓ, પાંદડાં, ફુલ, અને બીજ વગેરે આવેલું છે.

પાતળી ડાંખળીઓ કયા છોડને હોય છે? કપાસ, જાર, બાજરી, તુવેર, અને મગના છોડ વગેરેને.

ક્યા છોડને ફુલ હોય છે? મોગરો, ગુલાબ, કપાસ, તુવેર, વગેરેને.

ઝાડની પેઠે છોડ શાથી સીધા રહે છે? મુળવડે.

મુળ કાપી નાંખીએ તો? છોડ સુકાઇ જાય.

છોડ શાથી મોટા થાય છે? પાણી પાવાથી.

શું વાવવાથી મોટાં ઝાડ થાય? ઝાડનું બી વાવવાથી.

શું વાવવાથી છોડ થાય? છોડનું બી વાવવાથી.

ગુલાબના છોડ ઝાડ જેવા મોટા કેમ ન થાય?

છોડનું બી વાવે તો છોડજ થાય. તે છોડ ઝાડ જેવા મોટા થાયજ નહિ.

શા માટે ન થાય? કચુકા વાવીએ ત્યારે આંબલીનું મોટું ઝાડ થાય. પણ ગુલાબ, મોગરો, મગ, તુવેર, જાર, બાજરી, કપાસ વગેરે વાવીએ તો છોડ થાય; પણ તે છોડ ઝાડ જેવડા ઉંચા થાયજ નહિ.

છોકરાઓ, તમે ઝાડને છોડ સાથે સરખાવો.

ઝાડ પાણીથી મોટાં થાય છે, તેમ છોડ પાણીથી મોટા થાય છે. પણ તે છોડ ઝાડ જેવડા મોટા થતા નથી.

ઝાડમાં જીવ છે; તેમ છોડમાં પણ જીવ છે.

ઝાડમાં મુળ છે, તેમ છોડને પણ મુળ છે. પણ ઝાડ જેટલું છોડનું મુળ ઉંડું ગએલું હોતું નથી.

બંને મુળવડે સીધા ઉભા રહે છે. બંનેને થડ છે.

ઝાડનું થડ જાડું છે, ને છોડનું થડ પાતળું છે.

ઝાડને પાંદડાં થાય છે, તેમ છોડને પણ પાંદડાં થાય છે.

ઝાડને ડાળ હોય છે, ને છોડને પાતળી ડાંખળીઓ હોય છે.

ઝાડને ફુલ આવે છે, તેમ છોડને ફુલ આવે છે.

ઝાડને બીજ થાય છે, તેમ છોડને બીજ થાય છે.

ઝાડ મોટાં ને ઉંચા હોય છે, તેમ છોડ તેથી ઘણા નાના હોયછે.

ઝાડ જેવી લાંબી લાંબી ડાળો છોડને હોતી નથી.

મોટા ઝાડના છાંયા જેવો છોડનો છાંયો થતો નથી.

ઝાડ ઉપયોગી છે, તેમ છોડ પણ ઉપયોગી છે.

ઉપયોગ—કેટલાક છોડના ફુલમાંથી અત્તર નીકળે છે, અને કેટલાક છોડ ઉપરથી શાક ઉતરે છે.

વેલાની ઓળખાણ.

સાધન—મોગરાનો છોડ, અને વાલોળ, ગલકાં, કીભડાં, જી-સોડાં, તુંબડી, સાકરકોળુ, વગેરેના વેલા.

છોકરાઓ, ઝાડ અને છોડને ઓળખો છો, પણ વેલાને ઓળખો છો ? ના, ત્યારે વાડીમાં ચાલો. જુદી જુદી જાતના વેલા બતાવીએ.

લ્યો, આ વાલોળના વેલામાંથી એક વાલોળની શીંગ લાવો ! હવે શીંગને બે હાથવતી ફાડો.

બોલો, શીંગની અંદર શું છે ? વાલોળના બીજ છે.

વાલોળના બીજ વાવવાથી શું થાય ? વાલોળનો વેલો થાય. લ્યો, સાકરકોળું ને કીભડું ભાંગો ? આ બંનેમાં તો ઘણાંજ બીજ છે.

કીભડું ને સાકરકોળું ક્યારે થાય ? બંને બીજ જુદાં જુદાં વાવ સારે.

ઝાડ અને છોડની પેઠે વેલા સીધા રહેલા છે ?

ના કેમ ? વેલા તો **ભોંય સાથે પથરાએલા હોય છે.**

શું વાવે ત્યારે વેલા થાય ? વેલાનું બીજ વાવે ત્યારે. વેલાનું બીજ વાવે ત્યારે છોડ થાય ? **ના.**

કેમ છોડ ન થાય ?

તુવેર વાવવાથી તુવેરનોજ છોડ થાય, **અને** વાલોળનું બીજ વાવવાથી વાલોળનોજ વેલો થાય.

વેલાને શું શું છે ? મુળ, થડ, ડાંખળીઓ જેવા પાતળા પાતળા વેલા, પાંદડાં **ફુલ** અને બીજ છે.

તમે વેલાને છોડની સાથે સરખામણી કરો ?

બંને પાણીથી વધે છે, અને બંનેમાં જીવ છે.

છોડને મૂળ છે, તેમ વેલાને મુળ છે, પણ **વેલાનાં** મૂળ બહુ ઝીણાં તથા પાતળાં હોવાથી જમીનમાં બહુ ઉંડાં ઉતરેલાં હોતાં નથી.

છોડ સીધા ઉભા રહે છે, અને **વેલા** ભોંયે પથરાએલા રહેછે. છોડનું થડ સીધું હોય છે, અને વેલાનું થડ **ભોંયે પથરાવનાર હોઇ આધાર મળે તો ઉંચે ચડે છે.**

છોડના થડમાંથી ડાંખળી ફુટે છે, અને વેલાને થડમાંથી પાતળા વેલા ફુટે છે, તે પાતળા વેલા ભોંય ઉપર પથરાય છે, અથવા આધાર મળે તો ઉંચે ચડે છે.

છોડને ડાળીઓ ઉપર પાંદડાં હોય છે, ને વેલાને ફુટેલા પાતળા વેલા ઉપર પાંદડાં હોય છે. તે પાંદડાં કેટલાક વેલાને નાનાં ને કેટલાકને મોટાં હોય છે; વળી કેટલાકને જથાબંધ ને કેટલાકને છુટક છુટક હોય છે.

છોડને ફુલ થાય છે, તેમ વેલાને પણ જુદા જુદા રંગના ફુલ થાય છે.

છોડને ફળ થાય છે, તેમ વેલાને ફળ થાય છે.

છોડને બીજ હોય છે, તેમ વેલાને બીજ હોય છે.

તમે થોડાક વેલાનાં નામ દો? વાલોળ, ગલકાં, કોભડાં, જીસોડાં, તડબુચ, સાકરકોળાં, તુંબડી વગેરે ઘણાંજ છે.

ઝાડ છોડ અને વેલા શાથી મોટા થાય છે? પાણીથી.

ઉપયોગ—કેટલાક વેલાના ફળનું આપણે શાક કરીને ખાઇએ છીએ. તુંબડીના વેલામાંથી સારાં તુંબડાં બને છે.

છોકરાઓ ઝાડ, છોડ ને વેલા એ વનસ્પતિ કહેવાય છે, અને તે બહુજ ઉપયોગમાં આવે છે.

ભેંસ વિષે.

સાધન-જીવતી ભેંસ, ગાય અથવા બંનેના ચિત્રો.

છોકરાઓ, આ ભેંસ અને ગાય છે. તમે બરાબર તપાસી તે બંનેના મળતા ગુણ કહો?

ગાય ભેંસનું મળતાપણું.

બંનેને બે આંખો, બે કાન, બે શીંગડાં ને પુછડું છે.

બંનેને પગને છેડે ખરી છે.

બંનેને ખરીમાં ફાટ હોવાથી તેમના પગ પોચી અને ભીની ભોંયમાં ઉતરી જતા નથી, આ ખરી એવી કઠણ હોય છે, કે તેમાં કાંટો પેશી શકતો નથી, તેમ તડકામાં પણ પગ બળતા નથી.

બંનેને ચાર આંચળ અને ચાર પગ છે.

બંનેની ડોક લાંબી હોવાથી જમીન ઉપરનું ઘાસ માથું નીચું રાખી સુખેથી તે ચરી શકે છે.

બંને દુધ દે છે. અને બંનેનું દુધ ખાવાના કામમાં આવે છે.

બંને ખડ ખાય છે, અને બંને વાગોળે છે.

બંનેને બરડાની વચ્ચે કરોડનું હાડકું છે.

બંને ઉભાં થાય ત્યારે પાછલા પગ પહેલા ઉપાડે છે.

બંને છાણના પોદળા કરે છે, અને બંને બરાડે છે.

બંને આચળવાળાં, વાગોળનારાં, અને કરોડવાળા પ્રાણી વર્ગમાં ગણાય છે.

બંનેની ચામડી ઉપર વાળ હોય છે.

બંનેનું ચામડું ઉપયોગમાં આવે છે.

ગાય ભેંસમાં તફાવત.

ગાય કરતાં ભેંસ, કદમાં મોટી, અને માથું નીચું રાખી વધારે ધીમે ધીમે ચાલે છે.

ગાયના ગળા નીચે ઝાલર જેવું ઝુલતું ચામડું છે, તેવું ભેંસને નથી હોતું.

ગાયનાં શીંગડાં ગોળ અને ટુંકાં છે, અને ભેંસનાં લાંબાં અને ચપટાં છે શીંગડાના ચપ્પુ, છરીના હાથા વગેરે બને છે.

ગાયના કરતાં ભેંસ વધારે દુધ કાઢે છે.

ગાયનું દુધ હળવું છે. (ઝટ પચે છે) અને ભેંસનું દુધ ભારે છે. (ઝટ પચતું નથી)

ગાયના શરીરપર ટુંકા ને ઘાટા વાળ છે, અને ભેંસના શરીરપર આછા, લાંબા ને ખરસટ વાળ છે.

ગાયના કરતાં ભેંસનું શરીર જાડું ને ચામડી કઠણ હોય છે.

ભેંસનો રંગ ભુખરો કાળો છે, અને ગાયનો રાતો, ધોળો ને કાળો છે.

ગાયના બચ્ચાને વાછડો વાછડી કહે છે, અને ભેંસના બચ્ચાને પાડો કે પાડી કહે છે.

ગાય કરતાં ભેંસનું દુધ જાડું છે.

ગાય કરતાં ભેંસના રૂપિયા વધારે બેસે છે.

ગાયના વાછરડા (બળદ) જેટલા ઉપયોગી છે, તેટલાં ભેંસના પાડા ઉપયોગી નથી.

ગાય ભેંસનું પુછડું લાંબુ ને છેડે વાળના ગુચ્છાવાળું છે.

પુછડું શા કામમાં આવે છે? માખી, મચ્છર, ડાંસ વગેરે જીવડાં કરડે, તો ઉડાડવાને ઘણુંજ કામ લાગે છે.

ગાય ભેંસને આંખ, કાન ને શીંગડાં શા ઉપયોગનાં છે? તેઓ પણ આપણી પેઠે **આંખથી** જુવે છે, **કાનથી** સાંભળે છે, **નાકથી** શ્વાસ લે છે. વળી **શીંગડાથી** કોઇ મારવા આવનારની સામે થાય છે.

તે મોઢું શા માટે હલાવ હલાવ કરે છે? વાગોળે છે માટે.

વાગોળવું એટલે શું? ગાય તથા ભેંસ પ્રથમ ખડ ખાણુ વગેરે એકદમ ખાઇ જાય છે. પછી નિરાંતે બેસી ખાધેલું પાછું મોંમાં લાવી ચાવે છે, તેને વાગોળવું કહે છે.

ખડને શા માટે અમળાવી તોડતા હશે? એ બંનેના ઉપલા જડબાના આગલા ભાગમાં દાંત હોતા નથી, તેથી નીચલા જડબાના દાંત અને ઉપલા જડબા વચ્ચે તેઓ ખડને પકડે છે. તેથી ખડ અમળાઇને તુટી જાય છે.

ભેંસ—એ વગડાઉ પ્રાણી છે. પણ તેને પાળવાથી હળી જાય છે, તેથી તે ગામમાં પણ રહે છે. ભેંસનું લોહી ગરમ હોવાથી તેને પાણીમાં રહેવું બહુ ગમે છે. ગીરની ભેંસો જબરી હોય છે. તે એક ટંકે ૩૦ શેર દુધ કાઢે છે. **ચાર જબરી ભેંસો એક વાઘને પુરી પડે છે.**

છોકરાઓ, સુવાવડી ગાય ભેંસના દુધના ખીરાની બળી ખાવી નહિ. તે ખાવાથી શરીર બગડે છે. **ભેંસને ડાહ્યું પણ કહે છે.**

પોપટ વિષે.

સાધન—પોપટ અને કબુતર અથવા બંનેના ચિત્રો.

જુઓ, આ પોપટ છે, અને આ કબુતર છે.

ડોકના ભાગ કયા કયા છે? ચાંચ, આંખો, માથું અને ગળું.

ધડના ભાગ કયા કયા છે? પાંખો, પુંછડી, પગ, આંગળાં વગેરે.

જનાવરો શાથી ઉડી શકે છે? પાંખોવતી.

પાંખો ન હોય તો? ઉડી શકે નહિ.

ઉંદર, ખીસકોલી વગેરે ઉડી શકે? ના. તે તો અધ્ધર ચડી શકે છે, પણ પક્ષીની પેઠે ઉડી શકતાં નથી.

કેમ ઉડી શકતાં નથી તેમને પાંખો નથી માટે.

કોણ ઉડી શકે છે? પાંખો હોય તે.

પાંખો હોય તે શું કહેવાય? પક્ષી કહેવાય.

પાંખો કેટલી હોય? બે.

બે પાંખવાળા જનાવરનાં નામ:આપો? ચકલી, કાગડો, કબુતર, મોર, કુકડો, સમડી, તેતર, હોલો પોપટ, બાજ, કાકાકૌવા, બગલા, ઘુડ, ચીબરી, કાબર વગેરે.

આ બધાં શું કહેવાય? પક્ષી કહેવાય.

આપણે કયાં રહીએ છીએ? ઘર માંહે.

બધાં પક્ષી કયાં રહે છે? માળા બાંધી તેમાં રહે છે.

માળા કયાં બાંધે છે? કેટલાક પક્ષી ઝાડ ઉપર માળા બાંધે છે, કેટલાક જમીન ઉપર ઈંડાં મુકે છે. વળી ટીટોડી નામનું પક્ષી ઝાડ ઉપર બેસતું નથી.

આપણે શેનાથી ખાઈએ છીએ? હાથ વતી.

પશુઓ શેનાથી ખાય છે? મોઢાવતી.

પક્ષીઓ શેનાથી ખાય છે? ચાંચવતી.

પક્ષીઓ શું ખાય છે? બધા પક્ષીઓ એક જાતનો ખોરાક ખાતા નથી. કોઇ પક્ષી દાણા ચણે છે, કોઇ જીવડાં ખાય છે, તથા બાજ ને ધુડ જેવા મોટાં પક્ષીઓ શિકાર કરે છે.

પોપટને કેમ પાળે છે? પોપટ, કબુતર, તેતર, કોયલ, બાજ કુકડા વગેરે પક્ષીઓને માણસો પાળે છે. પણ પોપટને આપણે જેવું બોલતાં શીખવીએ તેવું શીખે છે, માટે પોપટને પાળે છે. સાહેબ! અમારા ઘેર પોપટ છે તે **સીતારામ, આવો, બેસો, પધારો,** વગેરે બોલે છે.

કાગડાને કેમ પાળતા નથી? તે પોપટ જેવું બોલતા શીખતો નથી માટે. કાગડા, ધુડ, ચીબરી વગેરે પક્ષીઓની બોલી કઠોર લાગે છે, તેથી પાળતા નથી.

પોપટ અને કબુતરની સરખામણી કરો?

મળતાપણું—બંનેને બે પગ ને બે પાંખો છે. પણ **પોપટની પાંખે પુંછડી જેવું હોય છે.**

બંનેને પાળે છે, પણ **પોપટ જેવું** કબુતર **બોલતાં શીખતું નથી.** બંને ઉંચે માળા બાંધે છે. બંને દાણા ખાય છે.

કબુતર કરતાં **પોપટને મરચાં અને** ફળ **બહુ ભાવે** છે.

બંનેને શરીર ઉપર પીછાં હોય છે.

બંનેને પકડવા જઇએ, તો ઝટ જાણી જવાથી ઉડી જાય છે.

બંનેને મોંમાં દાંત નથી.

જુદાપણું—પોપટનો રંગ **લીલો** છે, ને કબુતર **આસમાની** રંગના છે.

પોપટની ચાંચ છેડેથી વળેલી છે, અને કબુતરની સીધી છે.

પોપટની ચાંચ **લાલ** છે, ને કબુતરની કાળી છે.

પોપટને ગળે પટો (કાંઠલો) છે, ને કબુતરને ગળે પટો નથી.

પોપટની પૂંછડી લાંબી છે, ને કબુતરની લાંબી નથી.

કબુતરનાં આંગળાં લાલ હોય છે, ને પોપટનાં નથી હોતાં.

પાળેલા પોપટ પાંજરામાં રહે છે, ને પાળેલા કબુતર ખડામાં રહેછે.

વિશેષ—તમામ જાતના પક્ષીઓ ઈંડાં મુકે છે તેને સેવવા માટે માદા તેના ઉપર બેસે છે, ત્યારે તેમાંથી બચ્ચાં નીકળે છે. તે નાનાં તથા પાંખ વગરનાં હોવાથી માદા પોતાની ચાંચમાં ચણ લઈ બચ્ચાંના મોંમાં નાંખે છે. એ રીતે પાંખો આવે ત્યાં સુધી ખવરાવે છે. જ્યારે પાંખો આવે છે, ત્યારે ઉડીને પોતાનો ખોરાક મેળવી શકે છે.

છોકરાઓ, આપણે જનાવરો સાથે જો પ્રેમ રાખીએ, તો આપણી સાથે તેઓ બહુજ હળી જાય છે.

સ્લેટ વિષે.

(ખુણા, સમાન્તર લીટીઓ અને સાદી સપાટ આકૃતિઓની ઓળખાણ પાડવા.

સાધન—ત્રીજી બક્ષીસનો ઘન, ચોથી બક્ષીસની ઈંટ, અને સ્લેટ વગેરે.

સ્લેટ—સ્લેટનો રંગ કાળાશ પડતો છે. તેને પછાડીએ, તો ઝટ ફુટી જાય છે. તેથી કાચ, મીઠું, પતાસું ને માટીના વાસણની પેઠે બરડ છે. હાથવતી દબાવવાથી ભાંગતી નથી, માટે કઠણ છે. કાચની પેઠે તેમાં આરપાર દેખાતું નથી, તેથી અપાર-

ફર્ક છે લખેલું ઝટ ભુંસાઇ જવાથી લખવાને માટે વધારે ઉપયોગી છે.

સ્લેટનું પાસું—લ્યો, આ ઘન ઇંચ, અને સ્લેટનાં પાસાં બતાવો. આ તો ત્રણેમાં **સ્લેટનું પાસું** ઇંટના પાસાને વધારે મળતું છે.


સ્લેટના ખુણા—તમે આવી ઉભી | પટી રાતા કાગળની કાપો હવે તેના જેવડી આવી—આડી પટી લીલા કાગળની કાપો. હવે બંને પટીઓ મેળવો. કહો, કેવો આકાર થયો ? |‾‾‾ કાટ ખુણો થયો. આવા કાટખુણા સ્લેટના ખુણા ઉપર મુકો. ચારે ખુણા સરખા છે.

જુઓ, સ્લેટના પાસાને ચાર ખુણા છે, તેવાજ ઇંટના એક પાસાને છે.

આવા ખુણા બીજે ક્યાં દેખો છો? કાગળ, ચોપડી, ટેબલ વગેરેમાં.

સ્લેટની બાજુઓ—કહો, સ્લેટના પાસાને કેટલી બાજુ છે? ચાર છે. ઇંટના એક પાસાને કેટલી બાજુ છે? ચાર.

સ્લેટને ઇંટના પાસાની બાજુ સરખી છે? ના. કેમ? સળી વડે ભરવાથી સ્લેટની ———— સામસામેની બબ્બે બાજુ શરખી છે, પણ ચારે બાજુઓ સરખી નથી.



સ્લેટની સામસામેની બાજુ સમાન્તર છે. તમે ચાક લઇ

કાગળ પાટીઆ ઉપર એક ફુટને છેડે બે સરખી લીટીઓ દોરો હવે બીજી બે લીટીઓ એવી દોરો, કે આગળ જતાં ભેગી થઈ જાય. સળી લઈ પેહેલી લીટીઓ વચ્ચેનું અંતર મરજી પડે ત્યાંથી માપો. **આતો અંતર સરખું આવે છે.**

આ બીજી બે લીટીઓ વચ્ચેનું અંતર માપો અંતર સરખું આવતું નથી.

શા માટે સરખું અંતર આવતું નથી? પેહેલી બે સરખા અંતર વાળી છે, અને બીજી બે સરખા અંતરવાળી નથી માટે.

સરખા અંતરને શું કહે છે? સમાન્તર કહે છે.

સમાન્તર બાજુ કઈ કઈ છે? ટેબલ, કાગળ, રદ્દુલ, ચોપડી વગેરેની બાજુઓ સમાન્તર છે.

કાગળની તખતીઓ જુદા જુદા આકારની.

સાધન—ચપ્પુ, મીણ, સાબુ, ગાજર, શકરીયા, મુળા, રતાળુ, સુરણ, ઝીણા, પાતળા કાગળ, તરબુચ, સોનેરી રૂપેરી કાગળના પાના વગેરે.

ધનાકારથી શપાટીના આકારની ઓળખાણ.

છોકરાઓ, તમે મીણ, સાબુ, તરબુચ, અને સુરણનો ગર લઈ ધન બનાવો. હવે ચપ્પુ લઈ તેના પતીકા પાડો. સાહેબ! જેમ જેમ પતીકા પાડીએ છીએ, તેમ તેમ પછીના પતીકાની જાડાઈ ઘટતી જાય છે, અને આ છેલ્લા પતીકા તો પાતળા કાગળ જેવા દેખાય છે. હવે તેની જાડાઈ જરા પણ દેખાતી નથી.

તમે સાબુ લઈ ઈંટ જેવો આકાર બનાવો. તેમાંથી ધનની પેઠે પાતળા પતીકા પાડો. કહો, તેની લંબાઈ પહોળાઈ છે કે નહિ? **હા લંબાઇ પહોળાઈ છે.**

ત્યારે જાડાઈ કેવી છે? જાડાઇ બહુ ઓછી છે.

આ પતીકાનો ઘાટ કોને મળતો છે? ઇંટને.

ઇંટ અને તેમાં શો તફાવત છે? ઇંટને જાડાઇ છે, અને આ પતીકાને જાડાઇ નથી.

તમે આને ઇંટ કહી શકશો? ના.

ત્યારે ઘન કહી શકશો? ના.

કેમ? તેને જાડાઈ નથી માટે.

ત્યારે સમજ્યા. **જે આકારોને લંબાઈ પહોળાઈ છે, પણ જાડાઈ નથી, તેવા આકારોને સપાટીના આકારો કહે છે?**

સપાટીના આકારો કયા કયા છે? સોના રૂપાનાં પાનાં, સોનેરી રૂપેરી કાગળના પાનાં, સોનાનું કુંદન, ઝીણા પાતળા કાગળ વગેરે. વળી સ્લેટ, પાટીઉં, પાટલી, પતરા વગેરેના ઉપલા પૃષ્ટની સપાટી.

તમે ગાજર, મુળાના કંદ, શકરીઆં, રતાળુ લઇ પતીકા પાડો. કહો, તેની જાડાઇ કેવી છે? જાડાઇ નથી.

ત્યારે તેને કેવા આકાર કહેશો? **સપાટીના.**

કહો, આ પતીકા જેવા બીજા કયા આકારો છે?

રૂપિયો, અડધો, પાવલી, બેઆની, પૈસો, પાઈ વગેરેના ઉપલા પૃષ્ટ.

જુદા જુદા સપાટ આકારોની ઓળખાણ—તમે આ પતીકામાંથી, ઘનમાંથી પાડેલું પતીકું લઇ કહો, તેની કેટલી બાજુ છે? ચાર.

આ બાજુઓ કેવી છે? ચારે બાજુ સરખી છે. તેનો કેવો **આકાર કહેશો? ચારે બાજુ સરખી એવો સપાટ આકાર કહીશું.**

એની સામ સામેની બાજુ કેવી છે ? સ્લેટની બાજુની પેઠ સમાન્તર છે.

લ્યો, આ ઇંટમાંથી પતીકું પાડી કહો, તેની કેટલી બાજુ છે? ચાર.

આ ચાર બાજુ કેવી છે ? સામ સામેની બાજુ સરખી ને સમાન્તર છે, પણ ચારે બાજુ સરખી નથી.

ત્યારે તેનો કેવો આકાર કહેશો ? જેની સામ સામેની બાજુ સરખી એવો સપાટ આકાર કહીશું.

તમે ગાજર અને મૂળાના કંદમાંથી પતીકું પાડો. આ તો એક વાંકી લીટીથી થયેલો સપાટ આકાર થયો.

જુદી જુદી બાજુમાં સપાટ આકારો—તમે ચારે સરખી બાજુવાળા આકાર લઇને તેના એક ખુણેથી બીજે ખુણે ચપ્પું લઇ કાપો, આ બે ત્રણ બાજુવાળા આકાર બન્યા.

છોકરાઓ, તમે **સામ સામેની સરખી બાજુવાળા પતીકા લઈ ત્રણ બાજુવાળા સપાટ આકાર બનાવો ?** હવે રાતા, પીળા, લીલા નારંગીઆ, અને વાદળી રંગના કાગળો લઇ ઉપરની પેઠે સપાટ આકાર બનાવો.

સમાપ્ત.

હાલના સુધારેલા ધોરણો પ્રમાણે બનાવેલ
વિદ્યાર્થી મંડળમાં ઘણીજ પસંદ પડેલી સર્વોત્તમ
☞ (બુકોની પરીક્ષા કરી ખરીદ કરશો)

ધોરણ.	કિંમત	પૃષ્ઠ.	ધોરણ	કિંમત
પહેલું.	૦–૪–૦	૮૪	ચોથું.	૦–૧૨–૦
બીજું.	૦–૫–૦	૧૧૨	પાંચમું	૦–૧૪–૦
ત્રીજું	૦–૮–૦	૨૦૦	છઠ્ઠું	૧–૦–૦
			સાતમું	૧–૪–૦

☞ સદરહુ બુકોમાં હાલના સુધારેલા ધોરણોમાં આપેલા દરે યોની રચના એવી તો અદ્ભુત રીતે રસીકતા લાવી રચેલી વિદ્યાર્થીઓને ગમતની સાથે સારૂં જ્ઞાન મળી શકે. અમારે પોતે વખાણ કરવાની જરૂર નથી. **પોતાની તારીફ પોતે કરવી એ નહિ.** કારણ કે સુરજ છાબડે ઢાંક્યો છાનો રહેતો નથી તે રીતે સારો માલ અછાનો રહેતોજ નથી. **સમજુ** ગ્રાહક વર્ગને એ એટલીજ વિનંતિ છે, કે સદરહુ બુકોનો મુકાબલો કરી ખરીદ કરશો. **માલ પ્રમાણે મુલ બેસે છે. "કમીશન સામું જોવાનું નથી, પરંતુ બુકોમાં નાંખેલા વિષયોનું ઉપયોગીપણું જોવાનું છે"** ઉપરની બુકોનું પોષ્ટેજ માફ છે. વી. પી થી. ગ્રાહકોને શીર રાખી મોકલવામાં આવે છે. સ્કુલમાં ચાલતી તમામ બુકો યોગ્ય કમીશને અમારે ત્યાંથી મળી શકશે.

અમારી બુકો પ્રખ્યાત બુકસેલરોને ત્યાંથી પણ વ્યાજબી કમીશને મળી શકશે.

જનરલ બુક ઓફીસ.
લીંબડી—કાઠિયાવાડ } **અમીચંદ એન્ડ નાગરદાસની કંપની.**